RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૩ ● તારીખ: ૨૪-૦૪-૨૦૨૫,ગુરુવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# તમામ પાકિસ્તાનીઓ ૪૮ કલાકમાં ભારત છોડી દે : મોદી



દક્ષિણ કાશ્મીરના પહલગામમાં ગઈકાલ મંગળવારે (૨૨ એપ્રિલ) થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશ ગુસ્સામાં અને શોકમાં છે. આ હુમલામાં ૨૮ નિર્દોષ લોકોના જીવ ગયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ત્યારે હવે પહલગામ હુમલાને લઈને બુધવારે (૨૩ એપ્રિલ) કેન્દ્ર સરકાર દ્વારા અલગ અલગ મોટા નિર્ણયો લેવાયા છે અને જવાબી કાર્યવાહીની તૈયારીઓ કરાઈ રહી છે. બેઠકમાં પહલગામ હુમલા બાદ કેન્દ્ર સરકારે સર્વદળીય બેઠક બોલાવવાનો નિર્ણય લીધો છે. પાર્લામેન્ટ એનેક્સીમાં આ બેઠક યોજાશે.

બેઠક બાદ વિદેશ મંત્રાલય દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી. જેમાં વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ કહ્યું હતું કે, 'પહલગામ હુમલાને લઈને વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં બેઠક થઈ હતી. જેમાં આતંકી હુમલાની નિંદા કરાઈ. આતંકવાદને લઈને ઝીરો ટોલરેન્સની નીતિ રહેશે. હુમલામાં ૨૫ ભારતીય અને ૧ નેપાળી નાગરિકનું મોત થયું છે. દુનિયાભરે આતંકી હુમલાની નિંદા કરી છે.' બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે વિદેશ સચિવે માહિતી આપી હતી. જેમાં તમામ પાકિસ્તાનીઓના વિઝા રદ કરાયા છે અને પાક.ના ઉચ્ચાયુક્તને પરત પાકિસ્તાન મોકલાશે. આ સિવાય સિંધુ જળ કરાર પર રોક લગાવી દેવાઈ છે.

દિલ્હી સ્થિત પાકિસ્તાની ઉચ્ચાયુક્તમાં તૈનાત રક્ષા અને સૈન્ય સલાહકારોને 'પર્સોના નૉન ગ્રાટા' જાહેર કરી દેવાયા છે અને તેમને એક અઠવાડિયામાં ભારત છોડવાના આદેશ આપી દેવાયા છે. આ પ્રકારે, ભારત પોતાના રક્ષા સલાહકારોને ઈસ્લામાબાદ પરત બોલાવશે. આવા પાંચ સહયોગી સ્ટાફને પણ પરત બોલાવશે.મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલા બાદ ફસાયેલા મહારાષ્ટ્રના પ્રવાસીઓને પરત લાવવાની પ્રક્રિયામાં ઝડપ લાવવા માટે શ્રીનગર રવાના થયા છે. મહારાષ્ટ્રના પ્રવાસીઓ માટે જરૂરી સહાયતા સુનિશ્ચિત કરશે. બીજી તરફ હુમલા પર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'આ નિંદનીય ઘટના છે. મહારાષ્ટ્રના જે ૬ લોકોના મૃત્યુ થયા છે, તે દરેક પીડિત પરિવારને ૫-૫ લાખ રૂપિયા અપાશે.'જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ આજે (બુધવાર) એક સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'પહલગામ હુમલાનો બદલો લેવામાં આવશે. પહલગામ આતંકવાદી હુમલા માટે જવાબદાર લોકોને ન્યાયના કઠેડામાં લાવવા માટે આવતીકાલે ઉચ્ચસ્તરીય બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ દ્વારા અપાયેલા નિર્દેશોનું ઝડપથી પાલન કરાવવામાં આવે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર આપણા નાગરિકોની હત્યાનો બદલો લેવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે અને એ પણ નક્કી કરશે કે આતંકવાદની આવી કાયરતાપૂર્ણ હરકત ફરી ન થાય.'

## પહલગામ આતંકી હુમલો નફરત ફેલાવવાનું પરિણામ છે, સંજય રાઉતના કેન્દ્ર પર પ્રહાર



શિવસેના-યુબીટી સાંસદ સંજય રાઉતે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, 'જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા માટે ભાજપ શાસનની નફરતની રાજનીતિ જવાબદાર છે, જેમાં ૨૬ લોકો માર્યા ગયા.'

આ સાથે જ પત્રકારે સાથે વાત કરતા સંજય રાઉતે કહ્યું કે, 'અમિત શાહ દેશના ઈતિહાસના સૌથી મોટા નિષ્ફળ ગૃહમંત્રી છે, તેમણે રાજીનામું આપી દેવું જોઈએ.' સંજય રાઉતે આ મામલે વધુમાં કહ્યું કે, 'પહલગામ આતંકવાદી હુમલા માટે મોદી સરકાર જવાબદાર છે. દેશમાં આંદોલન કરવાના બદલે અમિત શાહ, પીએમ મોદી અને તેમના પરિવારની સુરક્ષા ઘટાડવી વધુ સારું છે. તેમજ સેનામાં સૈનિકો માટે બે લાખ જગ્યાઓ ખાલી છે. ગૃહમંત્રી તે જગ્યાઓ ભરવા પણ તૈયાર નથી. ૨૦૦૦ પ્રવાસીઓએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી. શું કેન્દ્ર સરકારને ખબર નહોતી કે ત્યાં સુરક્ષા વધારવી જોઈએ?'

સંજય રાઉતે ભાજપ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, 'જો આતંકવાદીઓ લોકોને મારતા પહેલા ધર્મ પૂછે છે, તો તેના માટે ભાજપની નફરતની રાજનીતિ જવાબદાર છે.' રાજ્યસભાના સભ્યએ દાવો કર્યો કે નફરતની રાજનીતિ એક દિવસ 'બૂમરેંગ' થશે. આ માટે બીજા કોઈ જવાબદાર નથી પણ પશ્ચિમ બંગાળથી જમ્મુ કાશ્મીર સુધી ફેલાયેલા નફરતનું પરિણામ છે.

## પહલગામ આતંકવાદી હુમલાના પગલે સોમનાથ-અંબાજી-દ્વારકા સહિતના મંદિરોની સુરક્ષા વધારાઈ, રાજ્યમાં હાઈ એલર્ટ





જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં ત્રણ ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. આતંકવાદી હુમલાને પગલે દેશભરમાં હાઈએલર્ટ આપી દેવામાં આવ્યું છે, ત્યારે અમદાવાદ સહિત રાજ્યભરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સુરક્ષા એજન્સીઓ અને ગુજરાત પોલીસે સતર્ક થઇ ગઇ છે. અંબાજી, દ્વારકા અને સોમનાથ સહિતના મંદિરોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. રાજ્યભરના રેલવે સ્ટેશન અને એરપોર્ટ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આ સાથે જ રાજ્યભરમાં પોલીસ ચેકીગ શરૂ કરી દેવામાં આવ્યું છે. શંકાસ્પદ લોકો પર નજર રાખવામાં આવી રહી છે. રાજ્યના બોર્ડર વિસ્તારોમાંની સાથે સાથે સંવેદનશીલ સ્થળો પર વધારાની પોલીસ ટુકડી ગોઠવી દેવામાં આવી છે. અવર-જવર કરી રહેલા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આતંકવાદી હુમલાને પગલે રાજ્યના મહત્ત્વના ગણતા ધાર્મિક સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. જેમાં ખાસકરીને સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ સહિતના ધાર્મિક સ્થળોએ પોલીસની ટુકડીઓ ગોઠવી દેવામાં આવી છે. સોમનાથ અને દ્વારકા દરિયા કિનારે આવેલા હોવાથી હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતની ત્રણેય સેનાઓને એલર્ટ કરી દેવામાં આવી છે. પાકિસ્તાની બોર્ડર નજીક હોવાથી ગુજરાત બોર્ડર પર પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. બનાસકાંઠા એસપી અક્ષરાજ મકવાણાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાને પાકિસ્તાની સરહદ અડીને આવેલી છે. બનાસકાંઠાના શક્તિપીઠ અંબાજી યાત્રાધામે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવતા હોય છે, ત્યારે આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખી મંદિરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. અંબાજી મંદિરે એસઓજીની ટીમ અને સ્નાઈપરને સ્ટેન્ડ બાય કરી દેવામાં આવી છે. મંદિરમાં દર્શન કરવા આવતા તમામ શ્રદ્ધાળુઓનું સઘન ચેકિંગ કરવામાં આવશે.

## જમ્મુ-કાશ્મીરમાં હાલ ૫૬ જેટલા આતંકવાદીઓ સક્રિય, સૌથી વધુ લશ્કર-એ-તોયબાના : રિપોર્ટ



૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ કાશ્મીરમાં ભયંકર આતંકવાદી હુમલો થયો, જેના લીધે દેશ આખો થથરી ઊઠ્યો. પહેલગામમાં સહેલ કરી રહેલા પ્રવાસીઓને લક્ષ બનાવીને આતંકવાદીઓએ ગોળીબાર કર્યા હતા જેમાં ઓછામાં ઓછા ૨૮ નાગરિકો માર્યા ગયા છે. હુમલાખોરો પાકિસ્તાનથી જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં હાલમાં ઓછામાં ઓછા ૫૬ વિદેશી આતંકવાદીઓ સક્રિય હોવાનો અંદાજ છે. એમાંના ૧૮ 'જૈશ-એ-મોહમ્મદ'ના, ૩ હિઝબુલ મુજાહિદ્દીન ના અને ૩૫ 'લશ્કર-એ-તોયબા' ના હોવાનું કહેવાઈ રહ્યું છે. આ આંકડા સુરક્ષા દળો દ્વારા જાળવવામાં આવેલા રેકોર્ડમાં દર્શાવાયા છે.પહેલગામના હુમલાની જવાબદારી 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' નામના આતંકવાદી જૂથે સ્વીકારી છે, પરંતુ સુરક્ષા દળો અને નિષ્ણાતોએ એમનો દાવો એમ કહીને ફગાવી દીધો છે કે, હુમલા પાછળ અસલી હાથ લશ્કર-એ-તોયબાનો છે અને લશ્કર-એ-તોયબા પાકિસ્તાનની જાસૂસી સંસ્થા ISI નું પ્યાદું છે. ટૂંકમાં, આ હુમલાનું કાવતરું પાકિસ્તાને કર્યું છે. જમ્મુ-કાશ્મીરમાં ભૂતકાળમાં પણ પ્રવાસીઓ પર છૂટાછવાયા હુમલા થયા છે, પરંતુ તાજેતરમાં પહેલગામમાં જે થયું એ લેવલનો હુમલો અગાઉ ક્યારેય નથી થયો. ભૂતકાળમાં સ્થાનિક અને વિદેશી બંને આતંકવાદીઓએ મોટાભાગે અમરનાથ યાત્રાળુઓને નિશાન બનાવ્યા હતા, પરંતુ પહેલગામ હુમલામાં તેમણે અલગ વ્યૂહરચના અપનાવી છે. તેથી આ બાબત વિશેષપણે ચિંતાજનક છે. આ આતંકી હુમલાના પરિણામ ગંભીર આવવાના છે. માંડ બેઠો થયેલો કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ફરી ઠપ થઈ જશે. પ્રવાસીઓ કાશ્મીર આવતા ડરશે. તેમના બુકિંગ રદ કરશે. હોટલો ખાલી થઈ જશે. પાકિસ્તાન એ જ ઈચ્છે છે કે, કાશ્મીર ભારતથી અલગ થઈ જાય અને રાજયમાં તેના આતંકવાદીઓની આણ વર્તાતી રહે.

## અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ પુત્રીને તેડીને તાજમહેલની મુલાકાત લીધી



અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેમ્સ ડેવિડ વેન્સે આગ્રામાં તાજમહેલની મુલાકાત લીધી. પત્ની ઉષા, પુત્રો વિવેક, ઈવાન અને પુત્રી મીરાબેલ સાથે બેન્ચ પર બેસીને ફોટો પડાવ્યો. વેન્સ પોતાની દીકરીને તેડીને તાજમહેલ સંકુલમાં ફર્યા હતા. વેન્સના ત્રણેય બાળકો ભારતીય રંગે રંગાયેલા જોવા મળ્યા હતા. બંને દીકરાઓએ એકસરખા પરંપરાગત કુર્તા-પાયજામા પહેર્યા હતા.તાજમહેલની વિઝિટર બુકમાં વેન્સે લખ્યું - તાજમહેલ અદ્ભુત છે! સાચા પ્રેમ, માનવીય સરળતા અને ભારતની મહાન સંસ્કૃતિને શ્રદ્ધાંજલિનો પુરાવો... આભાર. એવું કહેવામાં આવી રહ્યું છે કે વેન્સે વિઝિટર બુકમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જે લખ્યું હતું તે પણ વાંચ્યું.વેન્સ આગ્રામાં પરિવાર સાથે લગભગ અઢી કલાક રહ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વેન્સનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યું. વેન્સના સ્વાગત માટે ૮ સ્થળોએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાવાના હતા, પરંતુ પહેલગામ આતંકવાદી હુમલા પછી આ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા હતા.વેન્સ પરિવારને જોવા માટે આગ્રામાં રસ્તાની બંને બાજુ હજારો લોકો એકઠા થયા હતા. જોકે, સુરક્ષાના કારણોસર પોલીસે મોટી ભીડ એકઠી થવા દીધી ન હતી. વેન્સની સુરક્ષા માટે ૨૦ IPS અધિકારીઓ, ૩૫૦૦ પોલીસકર્મીઓ અને બ્લેક કમાન્ડો તહેનાત કરવામાં આવ્યા હતા. ડ્રોન દ્વારા પણ દેખરેખ રાખવામાં આવી રહી છે.

## તંત્રી લેખ......

# દેશની નિકાસ તથા ઘરેલુ માંગ ઘટવાની સંભાવના

અમેરિકાના રેસિપ્રોકલ ટેરિફને કારણે ભારતની નિકાસમાં ઘટાડો થશે અને ઘરેલુ માગ ધીમી પડશે જેને પરિણામે દેશના એકંદર વિકાસ પર અસર પડશે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના બુલેટિનમાં જણાવાયું છે. અમેરિકા દ્વારા માલસામાનની આયાત પર ટેરિફમાં કરાયેલા વધારા સામે રિઝર્વ બેન્કે ચિંતા વ્યકત કરી હતી અને જણાવ્યું હતું કે, આ ટેરિફને કારણે ભારતની બહારી માગ પર પણ અસર થશે. અન્ય દેશોની સરખામણીએ ભારતને ટેરિફમાં કેટલાક લાભ જોવાઈ રહ્યા છે છતાં ટેરિફને કારણે આવનારી વૈશ્વિક મંદીથી ઘરઆંગણે વિકાસ તથા નિકાસ કામગીરી પર અસર પડવાની સંભાવના રહેલી હોવાનું બુલેટિનમાં નોંધવામાં આવ્યું છે. અમેરિકા દ્વારા ટેરિફની જાહેરાત બાદ, કોમોડિટીના વૈશ્વિક ભાવ અસ્થિર બની ગયા છે. ઊર્જા તથા મેટલ્સના ભાવ ઘટી ગયા છે અને સોનાના ભાવમાં ભારે વોલેટિલિટી જોવા મળી રહી છે. આને પરિણામે ભારતમાં ફુગાવાનું આઉટલુક અનિશ્ચિત બની ગયું છે અન્યથા ખાધ્ય પદાર્થોની કિંમતમાં તાજેતરના દિવસોમાં અપેક્ષા કરતા વધુ ઘટાડો જોવા મળ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ છ મહિનામાં નબળી કામગીરી બાદ વિકાસમાં વધારો થઈ રહ્યો છે, પરંતુ અપેક્ષા પ્રમાણે વિકાસ જોવા મળતો નથી એમ પણ બુલેટિનમાં વધુમાં નોંધવામાં આવ્યું છે. જો કે પૂરવઠા સાંકળની નવરચના, વૈવિધ્યસભર એફડીઆઈ સ્રોતો તથા સ્થિતિસ્થાપકતા શોધતા વૈશ્વિક રોકાણકારો સાથે સંપર્કને કારણે ભારતને લાભ થવાની શકયતા છે.

# CHEATING છેતરપિંડી હવે કલમ ૪૨૦ નહિ લાગે. પરંતુ હવે SEC ૩૧૮ OF BHARTIYA NYAY SANHITA | CHEATING | છેતરપિંડી

૧) જો કોઈપણ વ્યક્તિને છેતરીને, છેતરપિંડી થી અથવા અપ્રમાણિક રીતે કોઈપણ વ્યક્તિને કોઈ મિલકત પહોંચાડવા માટે, અથવા કોઈપણ વ્યક્તિ કોઈપણ મિલકત જાળવી રાખવાની સંમતિ આપવા માટે, અથવા ઈરાદાપૂર્વક છેતરાયેલી વ્યક્તિને આમ કરવા અથવા છોડી દેવા માટે પ્રેરિત કરે છે. જો તે.આટલો છેતરાયો ન હોય તો જે તે ન કરે અથવા છોડી ન દે, અને જે કૃત્ય અથવા અવગણનાથી તે વ્યક્તિને શરીર, મન, પ્રતિષ્ઠા અથવા મિલકતમાં નુકસાન અથવા નુકસાન થવાની સંભાવના હોય, તેને ''છેતરપિંડી '' **BNS SEC** ૩૧૮ કહેવામાં આવે છે.તથ્યોને અપ્રમાણિક છુપાવવી એ આ વિભાગ ના અર્થમાં છેતરપિંડી છે.

(ક) 'ક' સિવિલ સર્વિસમાં હોવાનો ખોટો જણાવી કહી ઈરાદાપૂર્વક 'બ' ને છેતરે છે અને આ રીતે 'બ'ને અપ્રમાણિક પણે પ્રેરિત કરે છે તે તેને ધિરાણના સામાન પર રાખવા દે જેના માટે તેનો અર્થ ચુકવણી નથી. આ છેતરપિંડી છે.

(ખ) 'ક' લેખ પર નકલી ચિન્હ મૂકીને ઈરાદાપૂર્વક 'જ' ને છેતરે છે. માન્યતા છે કે આ લેખ ચોક્કસ પ્રખ્યાત ઉત્પાદક દ્વારા બનાવવામાં આવ્યો હતો અને આમ અપ્રમાણિક રીતે 'જ'ને લેખ ખરીદવા અને ચુકવણી કરવા પ્રેરિત કરે છે. આ છેતરપિંડી છે.

(ગ) 'ક' 'જ' ને લેખ નો ખોટો નમૂનો પ્રદષિત કરીને ઈરાદાપૂર્વક 'જ' ને એવું માનીને છેતરે છે કે લેખ નમૂના સાથે સુસંગત છે. અને ત્યાંથી 'જ' ને લેખ ખરીદવાને ચુકવણી કરવા માટે અપ્રમાણિક પણે પ્રેરિત કરે છે. આ છેતરપિંડી છે.

(ઘ)' 'ક' હીરાની વસ્તુઓ તરીકે ગીર્રવે મૂકીને જે તે જાણે છે કે તે હીરા નથી. ઈરાદાપૂર્વક 'જ' એને છેતરે છે. અને ત્યાંથી 'જ' અને પૈસા ઉધાર આપવા માટે આ પ્રમાણિકપણે પ્રેરિત કરે છે. આ છેતરપિંડી છે.

(ચ)'ક' ઈરાદાપૂર્વક 'જ' ને એવી માન્યતામાં છેતેરે છે કે 'ક'નો અર્થ'જ' ને ચોક્કસ જથ્થામાં ઈન્ડિગો પ્લાન્ટ પહોંચાડવાનું છે. જે તે પહોંચાડવાનો ઈરાદો ધરાવતો નથી. અને આ રીતે 'જ' ને આવા ડિલિવરી ના વિશ્વાસ પર પૈસા એડવાન્સ કરવા માટે પ્રમાણિકપણે પ્રેરિત કરે છે. પરંતુ જો 'ક' પૈસા મેળવતી વખતે **indigo** પ્લાન્ટને ડિલિવર કરવાનો અને પહોંચાડવાનો ઈરાદો ધરાવે છે. અને પછી તેના કરારનો ભંગ કરે છે અને તેને પહોંચાડતો નથી. તો તે છેતરપિંડી કરતો નથી પરંતુ કરારના ભંગ બદલ સિવિલ કાર્યવાહી માટે જવાબદાર છે.

(છ)'ક' ઈરાદપુર્વક 'જ' ને એવી માન્યતામાં છેતરે છે કે 'ક' એ 'જ' તો એ જ સાથે કરેલા કરનાર કોના ભાગ પૂરો કર્યો છે જે તેને કર્યુ નથી અને ત્યાંથી જ ને પૈસા ચૂકવવા માટે આ પ્રમાણિકપણે પ્રવેશ કરે છે. આ છેતરપિંડી છે.

(૨) જે કોઈ છેતરપિંડી કરે છે તે ત્રણ વર્ષ સુધીની મુદત માટે કોઈ પણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષા કરવામાં આવશે.

(૩) જે કોઈ જ્ઞાન સાથે છેતરપિંડી કરે છે કે તેનાથી ખોટું થવાની સંભાવના છે. એક વ્યક્તિને નુકસાન કે જેના વ્યવહારમાં રસ છે કે જેનાથી છેતરપિંડીનો સંબંધ છે. તે હતો બંધાયેલા કાયદા દ્વારા અથવા કાનૂની કરાર દ્વારા રક્ષણ માટે કેદની સજા કરવામાં આવશે જે પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવતી મુદત માટે અથવા દંડ સાથે અથવા બંને સાથે કરવામાં આવશે.

(૪) જે કોઈ છેતરપિંડી કરે છે અને તેના દ્વારા અપ્રમાણિકપણે છેતરાયેલી વ્યક્તિને કોઈ પણ મિલકત કોઈપણ વ્યક્તિને પહોંચાડવા અથવા મૂલ્યવાન સુરક્ષા ના સંપૂર્ણ અથવા કોઈપણ ભાગને બનાવવા બદલવા અથવા નાશ કરવા માટે અથવા કોઈપણ વસ્તુ કે જેના પર હસતાંક્ષર અથવા સીલ કરવામાં આવે છે. અને જે સક્ષમ છે. મૂલ્યવાન સુરક્ષામાં રૂપાંતરિત થવાથી સાત વર્ષ સુધી લંબાવી શકે તેવી મુદત માટે કોઈપણ વર્ણનની જેલની સજા થશે અને દંડને પણ જવાબદાર રહેશે.

કલમ ૩૧૯

ખોટા નામે છેતરપિંડી કરવા બાબત જો કોઈ વ્યક્તિ કોઈ અન્ય વ્યક્તિ હોવાનો જણાવી કરીને અથવા જાણી જોઈને એક વ્યક્તિની અથવા અન્ય વ્યક્તિ માટે બદલીને અથવા રજૂ કરે છે. તે અથવા અન્ય કોઈ વ્યક્તિ તેના સિવાયની વ્યક્તિ છે. અથવા આવી અન્ય વ્યક્તિ ખરેખર છે તો તેને વ્યક્તિત્વ દ્વારા છેતરપિંડી કહેવામાં આવે છે.

અપરાધ આચારવામાં આવે છે કે શું વાસ્તવિક વ્યક્તિગત વ્યક્તિત્વ એ છે અથવા કાલ્પનિક વ્યક્તિ.

(ક) એ જ નામનો ચોક્કસ શ્રીમંત બેન્કર હોવાનો જણાવી કરીને છેતરપિંડી કરે છે. વ્યક્તિત્વ દ્વારા છેતરપિંડી.

(ખ) મૃતક વ્યક્તિ 'ખ' હોવાનો જણાવી કરીને છેતરપિંડી કરે છે. વ્યક્તિત્વ દ્વારા છેતરપિંડી.

(૨) જે વ્યક્તિ વ્યક્તિત્વ દ્વારા છેતરપિંડી કરે છે તે પાંચ વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે કરવામાં આવશે.

**કાયદાની કલમ**



લેખકઃ ડો. અશ્વિન વી. ત્રિવેદી
(એડવોકેટ, નોટરી અને સ્પે. પી.પી.)

# ધર્મ,જાતિ,પક્ષ અને રાજકારણ છોડી અખંડ ભારત માટે સખત પરિણામ લક્ષી પગલાં દ્વારા આતંકવાદ ખત્મ કરવો એ આજના શાસકો ની સૌથી પ્રાથમિક ફરજ છે.!!!"

(અંક નંબર ૩૧૪)

મિત્રો, કાશ્મીરમાં પહલગામ ખાતે થયેલ આતંકવાદી હુમલાના કારણે ગઈ કાલે તો મીડિયા જગતમાં થઈ છે અનેક વાતો, વિચારો,રાજકારણ,શંકાકુશંકાઓ, મર્દાનગી,કાયરતા યુદ્ધ, સર્જિકલ સ્ટ્રાઈક વિગેરે વિગેરે...અનેક માહિતીઓ પ્રસારિત થઈ ચૂકી છે. આમ જનતા અને આમ વ્યક્તિના દિલમાં શું દર્દ થાય છે ? એની વાત રજૂ કરતી એક કવિતા મને મળી છે તે હું આપની સમક્ષ મૂકી રહ્યો છું રહ્યો છું....

કવિતા......

પૂછયું કલમો પઢતા આવડે છે?
અઝાન બોલતા આવડે છે?
ને પછી પારકી બંદૂકોમાંથી ગોળીઓ વરસાવી
મોતે પ્રવાસીઓ પાસેથી જિંદગીનો
જઝિયા વેરો ઉઘરાવ્યો..
હવે તો એક જ ધર્મ,
વીરધર્મ.
યુધ્ધ એ જ ધર્મ..
નજર સામે હિંદુ પતિને મરતો જોનારી
સુહાગનનો ધર્મ.
આંખો સામે પિતા નામના આકાશને
લોહીલુહાણ થતા જોનારા પુત્રનો ધર્મ
સૈનિકનો ધર્મ,
નાગરિકનો ધર્મ,
મારો ધર્મ,
તમારો ધર્મ,
એક જ ધર્મ!

મંદિરનો ધર્મ,
મસ્જિદનો ધર્મ,
ગુરુદ્વારાનો ધર્મ,
ચર્ચનો ધર્મ,
એક જ ધર્મ,
વિક્રમ બત્રા, સોમનાથ શર્મા,
અબ્દુલ હમીદ, આલ્બર્ટ એક્કા,
અરદેશીર તારાપોર ને બાનાસિંઘ સરીખા
પરમવીરોનો ધર્મ,
આ દેશનો ધર્મ,
યુધ્ધ એ જ ધર્મ!

ભારતમાતાના લલાટે રકત રેડયું
સુહાગનોનાં લલાટેથી સિંદુર ભૂસ્યું,
ફરવા આવેલાને ગોળીએ દીધા
વડાપ્રધાનને સંદેશા દીધા.
મિસાઈલોને પડકાર ફેંક્યા,
વિમાનોને નોતરાં આપ્યા

શક્તિશાળી ગરૂડોને કહો પાંખો ફેલાવે,
હવે આકાશમાંથી સળગતું મોત વરસાવે.

હે દેશવાસીઓ.
વીરહાક પડી છે,
મીણની બત્તીઓને કબાટોમાં પૂરી રાખજો,
શાંતિના પૂતળાંઓને ઘરમાં ખોડી રાખજો,
કહેજો કબૂતરોને કપરો કાળ ભમે છે,
સફેદ હવે આપણા ધ્વજ નહીં
એમના કફનો હશેપ
માતાઓ ભારતની હવે રાહ જુએ છે
ભારત માત્ર આદેશની રાહ જુએ છે
હવે ગજવો ઘોર ત્રિકાળ,
મહાભારતના કરો મંડાણ,
અખંડ ભારતનો કરો શંખનાદ,
ભારતમાતાની છે આણ,
''પાર્થ''ને કહો ચડાવે બાણ,
હવે તો,
યુધ્ધ એ જ કલ્યાણ!!!!

-એષા દાદાવાળા

આજે અત્રે રજુ કરેલ "એષા દાદાવાળા"ની આ કવિતા ઉપર લોકોના પ્રતિભાવો ખાસ જોવા જેવા છે અને વિચારવા જેવા છે.જેમકે....

કાશ્મીર પ્રવાસનો .. બહિષ્કાર કરો..એમને ભૂખે મારવા દો.. લોકલ લોકો પણ ચોક્કસ મદદરૂપ થયા હોય..એવું લાગે છે..ખુબજ દુઃખદ..... :- સંજય ઠાકોર.

ભાઈ આપણે જે દુકાનેથી ખરીદી કરીએ છીએ તે દુકાન દાર નું નામ પુછીને ખરીદી કરવા નું ચાલુ કરો હિન્દુ શુ છે? તેનો ખ્યાલ આવે......:- અનિલ ચુડાસમા

વડીલો,ભાઈઓ, બહેનો આપણે કાશ્મીરને પ્રોત્સાહન આપીએ છીએ એટલે એ લોકો નાચે છે. જો એક વખત સમસ્ત ગુજરાતી સમાજ કાશ્મીર ટૂર નો વિરોધ કરે, બહિષ્કાર કરે તો એલોકો પણ ભૂખે મરશે. એ લોકો જીવે છે ફક્ત ટુરિસ્ટ ઉપર જ, શું એની પાસે બીજો કોઈ વિકલ્પ છે? ના....ફ્કત ટૂરિસ્ટો ના આધારે જીવે છે. ફક્ત પાંચ વર્ષ માટે તમામ ગુજરાતીઓ કાશ્મીર જવાનું બંધ કરો પછી જુઓ....એમની હાલત શું થાય છે.એને ચડાવીએ છે આપણે અને બધા લોકોને ત્યાં જઈ ને ફક્ત મરવુંજ પડે છે !!!
..... દિનેશ ટાંક

આપણો કાયદો, કોર્ટ,જજ, સંસદ ખુદ એક આતંકવાદી છે!!! .... દેશમાં હજારો ની સંખ્યામાં જનતાને આ સરકારી આતંકવાદી ઓ મારી રહ્યા છે........:- પ્રવિણ પ્રજાપતિ

દેશ નો મુસ્લિમ નેતા હિન્દુ ના મોત માટે એક શબ્દ પણ બોલ્યો નથી.વિચારો મુસ્લિમ માટે વકફ બોર્ડ માટે હિન્દુ કહેવતા નેતા અખિલેશ,મમતા,રાહુલ,સંજયસિંહ, સંજય રાઉત,તેજસ્વી, દિગ્વિજયસિંહ જે જીવ આપવા ની વાતો કરે છે!!!!... :-લક્ષ્મણદેવ ગોહિલ

જન્મ્યા છીએજ મરવા માટે....
અહીં આવ્યા શું કરવા માટે ? ક્યાંક આંતક, ક્યાંક અકસ્માત, ક્યાંક હોનારત, ક્યાંક વારદાત, આવ્યા મસાણે બળવા માટે, આવ્યા લાશો ને ગણવા માટે........ ક્યારેક પુલવામા, ક્યારે પહેલગામ, મોત આપણી આગળ પાછળ, ગામેગામ જાણે યમ આવ્યો તો ફરવા માટે,...
સ્વર્ગ જોવા ગયા ને નર્ક જોયું, કળીઓ જોવા માં ફુલ ખોયું ,આંખો રડવા માટે, દિલ ડરવા માટે.....
. ડો.કે.જે.ગઢવી

સો વાતની એક વાત દુનિયાનો મોટામાં મોટો આતંક વાદ પંજાબનો હતો.જે પંજાબમાં રોજના બસો માણસો મરતા અને ગુજરાતમાં ગોધરાં કાંડમાં અમદાવાદ ભડકે બળતું હતું.આ કામ જડબે સલાક બંધ કરાવી નાખનાર રિબેરો સાહેબ અને કે. પી.એસ.ગીલ સાહેબને લાખ લાખ વંદન.અમદાવાદ માં તો ખુદ ગીલ સામે ભાજપા નેતાઓ પણ થયા હતા....પરંતું લાલકુષ્ણ અડવાણીએ પોતાનો વિટો પાવર વાપરીને ગીલ સાહેબને ગુજરાતના પોલીસ વડા બનાવીને ગીલને ગુજરાત સોપી દીધેલ, ખાલી પંદરજ દિવસમાં કોમી તોફાન બંધ કરી નાખેલ.તો ગીલ સાહેબ જેવાને આખું કાશ્મીર સોપી દેવું જોઈએ....:-કિરિટ જોષી

કાશ્મીર પ્રવાસ બંધ ના કરવાનો હોય ત્યાં જે ગંદકી છે તેને સાફ કરવી જોઈએ...:- ઉદયસિંહ ક્ષત્રિય

ચારે બાજુ હિન્દુઓના જ મોત કેમ ? એક બાજુ પશ્ચિમ બંગાળમાં પણ ઘટના ઘટે છે, ગામ ખાલી કરવા પડ્યા છે. જ્યારે હવે તો પર્યટકો પણ સલામત નથી... :-નવઘણ અલગોતર

આખી કોમને શું કામ ટાર્ગેટ કરવાની ? ત્યાંના સ્થાનિકો પણ હેરાન થાય છે. ગરીબ પરિવારો છે. ત્યાં પણ ઈઝરાયલ જેવું કરવું જોઈએ .સરકારે આટલી મોટી સેના છે. આઈ બી,રો,...છે છતાં નિષ્ફળતા કોની? મિડિયા મોટી મોટી વાતો કરીને, આમ તેમ કરી ને ,આમજનતાને ગુમરાહ કરે છે!!! હવે રિઝલ્ટ જોઈએ ,ખાલી મીટિંગ થી કંઈ ના થાય, સરહદ પાર જવાની મંજરી આપવી પડે સેનાને, તોજ દેશ સુરક્ષિત હાથોમાં આવે. બાકી ખોખલા વાયદાઓથી નિર્દોષો કત્લઆમ થાય છે.... બહુજન યોધ્ધા

તમારી આટલી સુંદર પોસ્ટ ઉપર પણ રાજકીય રોટલા શેકવા વાળા વિપક્ષી કાર્યકરો અને મોદીના પૂર્વગ્રહ થી પીડાતા પામરો છોડો નિષ્ફળતાના ગીતો ગાવાનું, આટલા વર્ષોમાં સરકારે શું કર્યું ? ના ગાણા ગાવાનું નથી ચૂક્યા... જે લોકો આફતના સમયે પણ દેશની સરકાર સાથે ઊભા ન રહી શકે એ લોકો પાસેથી દેશે શું અપેક્ષા રાખવાની? અત્યંત શરમજનક.. આવી માનસિકતા વાળા લોકોને કારણે જ દેશ વિરોધી તત્વો આપણે ત્યાં ફાવી જાય છે.. :- રાજેશ યાજ્ઞિક

સરકાર ને છોડો, પબ્લિક પોતે જાગ્રુત થાય અને જે જગ્યાએ એ મુસ્લિમ લોકો હોય વધારે, એ જગ્યાએ ફરવા જતા નહીં......તો જ એ લોકો ના ધંધા ઠપ થશે, તો જ એમને ખબર પડશે. :- રાજપૂત ઠાકોર

જમ્મુ કાશ્મીરમાં નિર્દોષ પર્યટકો પર કાયરતા પુર્વક થયેલ હુમલા પર પણ જો લોકો કોંગ્રેસ - ભાજપ કરે રાખે, તે દેશ કોઈ દિવસ આવા હુમલાઓ થી બચી નહીં શકે, રાજકારણ દૂર રાખો..:-અશોક બુચ

વિભાજિત હિંદુ મતો અને જયચંદો પહેલા આપણા માંથીજ સાફ કરવા જોઈએ,પ્રવાસીઓ ને પણ જે સક્ષમ હોય એને રાયફલ આપવી જોઈએ, બેચાર ને તો લઈને મરે ....ખાલી ફરવાના શોખીન ન રહો..:- હસુભાઈ વાઢેર

જો હિન્દુસ્તાનમાં હિન્દુ હોવું તમારા મૃત્યુનું કારણ બને...તો આનાથી વધુ શરમજનક શું હોઈ શકે?.:- પરેશ ત્રિવેદી.

બેન આવડી મોટી કવિતા માંડવા ની શી જરૂર છે? સીધી ને ચોખ્ખી વાત છે. આંતકવાદ નો કોઈ ધર્મ નથી હોતો ,એવુ કહેનારા ક્યાં છે ? ધર્મ અને જાતિ પૂછી પૂછી ને હત્યા કરવા માં આવી છે. આનો એકજ ઈલાજ છે ઈઝરાએલ મોડલ જેમ હમાસ ને ખતમ કરી નાખયું તેમ ....જય હિન્દ. :- અતુલ સચાણિયા

ચીન દેશમાં કેમ આતંકવાદી. હુમલા નથી થતા ? કારણ એકજ છે ત્યાં ગદારો ની ઓલાદો નથી. ભારતમાં અમુક ગદારો છે!!. :- મહેશ સાવજ

ઈ બધા આત્મા વેચી ચુક્યા છે ભાઈ!!!:- મહેન્દ્ર ગઢવી

વિપક્ષના નેતાઓ આપણને સેક્યુલરિઝમ નાં પાઠ ભણાવવા માં પડ્યા છે,એક પણ મુસલમાન આ ઘટના ને ખંડન કરતાં જોવા મળ્યો નથી!!!....:- નિમેશ પુરોહિત

આ બધુ પહેલાથી પ્લાન કરેલુ હોઈ શકે!!!...૨૦૦૦ ની પ્રવાસી સંખ્યામાં સુરક્ષા કર્મિઓ ક્યાં હતાં ? આતંકવાદી કયાં થી આવી ગાયા ?સવાલ એ છે ને ?ધ્યાન દોરવા જેવી વાત...આ પહેલો આવો આતંકી હુમલો છે જ્યાં ધર્મ પુછીને હત્યા ઓ કરી છે ... -: રાકેશ કુમાર

આતંકવાદીઓનો વિશ્વાસ કરાય નહીં...લોકલ સપોર્ટ વિના શક્ય જ નથી .. આર્મી શું પાવભાજી ખાવા ગઈ હતી ?... હવે જેવા સાથે તેવા ... બીજી વાત છોડો .. હવે સહનશીલતા ની હદ આવી ગઈ ... નમાલાઓ થી નિર્ણય ના લેવાય તો ગાદી છોડી ને ઘરે બેસો!! . હવે એકજ રસ્તો ... છે.. :-ધનેશ્વર જોષી

સંયમની પરીક્ષા, આતંકવાદ સામે લડવાનો દ્રઢ નિશ્ચય, અસહાય પીડિતો ને ઠાલા વચનો અને આશ્વાસનો થી ના ફોસલાવતા...
હવે વધુ નિર્દોષોના ભોગ લેવાય તે પહેલાં એષા બેને કહ્યું તેમ પાર્થ હવે બાણ ઉઠાવો..
યુધ્ધ થી હંમેશા નુકશાન જ થતું હોય છે પરંતુ નિર્દોષ નાગરીકોના મોત કરતાં ઓછું હશે....ભારતનું સૈન્ય ધાર્યા નિશાન પાર પાડવા સક્ષમ છે..:- રાજેશ પંચાલ

આતંકવાદી ઓને ખતમ કરવા હોય તો... તે ક્યાં રોકાણા? કોણે મદદ કરી? બધાજ મદદ કરનાર ને ખતમ કરો....અહીંયા તો આતંકવાદી હોય તોય સહાનુભૂતિ વાળા આવી જાય છે...
મુંબઈ ના આતંકવાદી અફજલ અન્સારી નો કેસ જુઓ... કેટલાએ ફાંસી રોકવા પ્રયાસ કર્યો? તે જોવો તો ખબર પડે કે કેટલાં મદદ કરતા હતા?...જ્યાં સુધી આતંકવાદીઓને આવી મદદ અને સહાનુભૂતિ વાળા મદદ કરતા રહેશે.. ત્યાં સુધી આ આતંકવાદ ખતમ નહિ થાય
સોચ બદલો.... :- નરેન્દ્રસિંહ જાડેજા

જમ્મુ કાશ્મીરના લોકોજ ત્રાસવાદ ને સપોર્ટ કરે છે!!! તમે આમને ગમે તેટલું રાખો તોય આમનો સ્વભવ નહિ બદલાવાનો...સૌથી વધારે ભારતમાં તકલીફ હોય તો તે હિંદુઓને છે,હિંદુઓને સરકાર પર ભરોસો છે અને તેજ સરકાર અને તેના સંગઠનો પણ વોટ બેન્ક માટે થઈને વકફ બિલ જે મુસલમાનો ના ફાયદા માં છે તેવી રીતે પસાર કરવાનું છે. ટૂંક માં જે ના હોવું જોઈએ તે કાયમી થઈ જશે!!! અને કોઈ નમાલા હિંદુઓ સમજતા નથી!!! :- ઉદયસિંહ ક્ષત્રિય બારીયા

મુસ્લીમો માટે હિંદુ માત્રને માત્ર કાફિર અને દુશ્મન છે બાજુ કાઈ નહીં!!!... :-પ્રદિપ યુ. બારીયા

કયાં ગયા છપ્પન્ન ઈંચની છાતી વાળા? દેશની ૧૪૦ કરોડ જનતા પુછે છે? કેટલા જવાનો, પોલીસ,નિર્દોષ હિન્દૂઓને મરવા દેવાના છે ?ઈઝરાયલ ની જેમ હવે યુદ્ધ કરો, સમય તો કોંગ્રેસે પણ બગાડ્યો હતો. જવાનો ઉપર હુમલો કર્યો તમે સર્જીકલ સ્ટ્રાયક કરીને બોલેલા કે યેતો ટ્રેલર હૈ, પિક્ચર અભી બાકી હૈ...ક્યાં સુધી? જય શ્રી રામ....:- દિનેશ પટેલ

રૂપિયા આપી મોત ખરીદો, કાશ્મીર જવાના અભરખા છોડો!!!... :- પ્રેમિલા પરમાર

કાશ્મીર ખીણના સ્વિઝરલેન્ડ જેવા ઘાસના પ્રદેશમાં આનંદ માણવા ગયેલા, પોતાના નિર્દોષ આત્માઓની આહુતિ આપનાર પ્રવાસી શહિદ હિન્દુઓ ને અખંડ ભારત પરિવાર તરફથી શ્રધ્ધાજંલિ...રામે.. રામ

**મેનેજિંગ તંત્રી**



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# ઝડઘડીયામાં રોડના મુદ્દે પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું



મુનાફ શેખ- ઝઘડિયાના સુલતાનપુરા વિસ્તારની સાત જેટલી સોસાયટી ના રહીશો છેલ્લા ત્રીસ વર્ષથી સોસાયટીને જોડતા સુલતાનપુરાથી અંધારકાચલા ગામના રોડ બાબતે હાડમારી ભોગવી રહયા છે, અત્યંત ખાડા ખાબોચિયા વાળા રોડના કારણે સોસાયટીના રહીશો તથા તે રોડ પર આવેલ આઈટીઆઈ ના વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ એ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે, અનેક વખતની રજૂઆત બાદ પણ અત્યાર સુધી કોઈ નિરાકરણ વહીવટી તંત્ર કે રાજકીય નેતાઓ દ્વારા લાવવામાં આવ્યું નથી, હાલમાં ઝઘડિયા સુલતાનપુરા ના ચાર રસ્તાથી વાયા આઈટીઆઈ થઈ અંધારકાચલા ગામ સુધીના રોડનું કામ મંજુર થયું છે, આ રોડ અંધારકાચલા થી આઈટીઆઈ સુધી તો બનાવી દેવામાં આવ્યો છે, પરંતુ ઝઘડિયા ચાર રસ્તા થી આઈટીઆઈ સુધીનો રોડ અધૂરો મૂકવામાં આવ્યો છે અને તેનું કામ અટકાવી દેવામાં આવ્યું છે, આ અટકેલા કામ બાબતે ઝઘડિયા ચાર રસ્તા થી આઈટીઆઈ રોડ સુધીમાં આવેલા ઝમઝમ પાર્ક, અજીત નગર, એકતા નગર, ગોકુલ નગર, વિજયનગર ના રહીશોએ આજરોજ પ્રાંત અધિકારીને એક આવેદનપત્ર પાઠવ્યું છે આવેદનપત્રમાં તેઓએ પોતાની સમસ્યાઓ જણાવી છે અને આ અધૂરા રાખેલા રોડ બાબતે શંકા વ્યક્ત કરી છે કે તેઓને જાણવા મળેલ છે કે સુલતાનપુરા થી અંધારકાચલા સુધીનો મંજૂર થયેલો રોડ આઈ.ટી.આઈ સુધી બનાવવામાં આવ્યો છે અને બાકીનો જે રોડ છે તે અન્ય જગ્યાએ બનાવી દેવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે, જેથી તમામ સોસાયટીના રહીશોએ આ બાબતે વિરોધ કરી જે રોડ જ્યાં મંજૂર થયો છે ત્યાં જ બનાવવા માટે જવાબદાર અધિકારીને આવેદનપત્ર આપ્યું છે, અત્રે ઉલ્લેખનીય છે કે આખા મંજૂર થયેલા રોડમાં આવો ટુકડો પાડી તેને અન્ય જગ્યાએ બનાવી જાણી જોઈને આ સોસાયટીઓના રહીશોને હેરાન કરવાની કોઈ રાજ રમત રમાઈ રહી હોય તેમ જણાઈ રહ્યું છે. -અખંડ ભારત

# મોરબી હાઈવે ઉપર મધરાત્રે બે ટ્રકોની ગુલાંટ...



સંજયભાઈ રાતયા - રાજકોટના મોરબી નેશનલ હાઈવે ઉપરથી પસાર થતી બે ટ્રક ચાલકોના કોઈ કારણોસર સ્ટેરીંગ ઉપરનો કાબુ ગૂમાવી બેસતા બંન્ને ટ્રકો સમયાંતરે મધરાત્રે પલટી ખાઈ જતાં હાઈવે ઉપર અક્સમાતને પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો.જે બનાવની જાણ સ્થાનિક પોલીસને થતાં તાત્કાલિક દોડી આવી વાહનોને ક્રેનની મદદથી ખસેડી હાઈવે ઉપરનો ટ્રાફિક પૂર્વવત કરાયો હતો.-અખંડ ભારત

# થરાદના જમડામાં છ સાત સદી જૂનો વડ

થાનાજી રાજપૂત - થરાદના જમડા ગામની સીમમાં આવેલ છ સાત સદી જૂનો વડ પ્રાચીન વારસાને ઉજાગર કરી રહ્યો છે.આ વડ ઉપર પક્ષીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે.ઉનાળાની



કાળઝાળ ગરમીમાં શિતળતા આપતા વડ નીચે સ્થાનિકો ગરમીના માહોલમાં બે ઘડી પોરો ખાઈ નિરાંતનો શ્વાસ લઈ રહ્યા છે.ત્યારે વડની માવજત અને જાળવણી કરવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનો અને વનપ્રેમીઓની માંગ રહી છે.-અખંડ ભારત

# કચ્છમાં મધરાતે ૫ની તીવ્રતાનો ભૂકંપ

નવિનભાઈ પટેલ - કચ્છમાં લાંબા સમય બાદ મધરાતે ભૂકંપનો શક્તિશાળી આંચકો અનુભવાયો છે. રાત્રે ૧૧.૨૬ કલાકે આવેલા ૫ની તીવ્રતાના આંચકાએ લોકોની ઊંઘ ઉડાડી દીધી હતી. ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી મશીન પર નોંધાયા મુજબ, આંચકાનું કેન્દ્રબિંદુ અંજાર તાલુકાના દુધઈથી ૧૭ કિમી દૂર ઉત્તર-પૂર્વ દિશામાં હતું.ભૂકંપની અસર વાગડ, રાપર, ભચાઉથી લઈને અંજાર, ભુજ અને નખત્રાણા સુધીના વિસ્તારોમાં અનુભવાઈ હતી. આંચકો અનુભવતાં જ લોકો ભયભીત થઈને ઘરની બહાર નીકળી પડ્યા હતા. લોકોએ એકબીજાની ખબર-અંતર પૂછવા ફોન કૉલ્સનો મારો ચલાવ્યો હતો.

વામકા ભૂકંપ સંશોધન કેન્દ્રના લેબ આસિસ્ટન્ટ જયેન્દ્રસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, આ આંચકાથી સમગ્ર વાગડ વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો. આ પહેલાં ૧૬ માર્ચે ભચાઉ નજીક ૩.૨ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો.ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૧ના મહાભૂકંપ બાદ કચ્છમાં સામાન્યથી મધ્યમ કક્ષાના અનેક આંચકાઓ સમયાંતરે નોંધાતા રહે છે. જોકે, આજે રાત્રે આવેલા આંચકાએ લોકોમાં ભયનો માહોલ સર્જ્યો છે.-અખંડ ભારત

# આહવા ખાતે નિશુલ્ક સમર સાયન્સ હોબી કેમ્પ યોજાશે




ગિસારામ ચૌધરી - ગુજરાત સરકારશ્રીના વિજ્ઞાન અને પ્રૌધ્યોગિકી વિભાગ ગુજરાત સરકાર અંતર્ગત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગાંધીનગર પ્રેરિત પ્રયોશા જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર- ડાંગ આહવા દ્વારા ૧૯ મે થી ૨૩ મે ૨૬ થી ૩૦ મે આહવા બે તબક્કામાં પ્રયોશા જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર, ડાંગ સ્વરાજ આશ્રમ કેમ્પસ, આહવા ખાતે બે તબક્કામાં નિશુલ્ક સમર કેમ્પનો આયોજન કરવામાં આવેલ છે જેમાં વયજુથ ૧૦ થી ૧૮ વર્ષના બાળકો જોડાઈ શકશે, તે માટે નીચે આપેલ ઓનલાઈન રજીસ્ટ્રેશન ની લીંક પરથી રજીસ્ટ્રેશન કરવાનો રહેશે. ઓનલાઇન રજીસ્ટ્રેશન માં મુશ્કેલી આવતી હોય તો કો- ઓર્ડીનેટર નો સંપર્ક (૯૨૬૫૮૧૩૭૯૨/ ૯૪૨૯૧૪૪૯૪૬) કરી ને પણ રજીસ્ટ્રેશન કરી શકાય ઉપરોક્ત સમર સાયન્સ કેમ્પ માટે રજીસ્ટ્રેશન કરી હમ ખાસ લાભ લેવા શ્રી રતિલાલભાઈ સૂર્યવંશી, કેન્દ્ર ડાંગ આહવા દ્વારા જણાવવામાં આવેલ છે.-અખંડ ભારત

# સ્વચ્છ સુજલ ગામ યોજના અન્વયે સંવાદ યોજાયો

કનુ વાળંદ - પંચાયતી રાજ દિવસ નિમિત્તે સ્વચ્છ અને સુજલ ગામ 'વિષય પર કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર.પાટીલના માર્ગદર્શન હેઠળ દેશભરના ૩૦૦ થી વધુ સરપંચો સાથે એનએસએસસી કમિટીના સભ્ય સાથે સ્માર્ટ વિલેજ પુંસરીના પૂર્વ સરપંચ હિમાશું પટેલે સંવાદ કરી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.-અખંડ ભારત



# દિયોદર ખાતે ઠાકોર પરિવારની કુળદેવી શ્રી ચામુંડા માતાજી ની રમેલ યોજાઈ



કલ્પેશ બારોટ - દિયોદર પ્રગતિનગર સોસાયટી ની પાછળ આવેલ શ્રી ચામુંડા માતાજી ના મંદિરે સમસ્ત તાણેચા ઠાકોર પરિવાર દિયોદર દ્વારા શ્રી ચામુંડા માતાજી, શ્રી મહાકાળી માતાજી, શ્રી ગોગા મહારાજ તથા શ્રી સિકોતર માતાજી ની રમેલ નું આયોજન કરવામાં આવતા માતાજીના ભાવિક ભક્તોએ આ ધાર્મિક પ્રસંગ અને મહાપ્રસાદીનો લાભ લીધો હતો.-અખંડ ભારત

# તરણેતર ખાતે ચુંવાડીયા ઠાકોર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો



સુંદરલાલ - થાનગઢ તાલુકના તરણેતર ગામે ચુંવાળીયા ઠાકોર સમાજ દ્વારા માંધાતા મંદિર પરીસરમાં ૧૧ મો સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવતા એક જ શમિયાણા નીચે ૫૨ જેટલા યુગલોએ શાસ્ત્રોક્તવિધી અનુસાર પ્રભુતામાં પગલા માંડી ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરતા આ નવદંપતિઓને સમૂહ લગ્નોત્સવ સમિતિ,સમાજ અગ્રણીઓ,દાતા પરિવારો,જ્ઞાતિબંધુઓ અને સંતો,મહંતો ઉપસ્થિત રહી અંતરના ઉંડાણથી સુખી દાંપત્ય જીવનના આશીર્વાદ પાઠવી સમૂહ લગ્નોત્સવ સમિતિની આ કાર્યશૈલીને બિરદાવી હતી.-અખંડ ભારત

# ખેડબ્રહ્મામાં દારૂના કેસમાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

સુહાગ જોષી - સાબરકાંઠાના ખેડબ્રહ્મા પો.સ્ટેના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લ ચાર માસથી નાસતો ફરતો ચેતન કાંતીભાઈ ડામોર રહે.અંબાસા, તા.ઝાડોલ, જિ.ઉદેપુરને બાતમીના આધારે પોલીસે બસ સ્ટેશન વિસ્તારમાંથી અટકાયત કરી આગળની કાર્યવાહી ખેડબ્રહ્મા પોલીસે હાથ ધરી છે.-અખંડ ભારત




# લિંબડીના લક્ષ્મીસર ગામમાં મંદિરનો જીણોદ્ધાર કરાયો



દશરથસિંહ પરમાર - લિંબડી તાલુકાના લક્ષ્મીસર ગામમાં આવેલ લખમેરીયા દાદાના નવનિર્માણ પામેલ મંદિરના જીણોદ્ધારનું તાજેતરમાં આયોજન કરવામાં આવતા આ પ્રસંગે યોજાયેલ વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં હોમ હવન,લોકડાયરો અને સાધુ,સંતોના આશીર્વાદ સહિત પ્રસાદીનો લ્હાવો લઈ સ્થાનિક અને આસપાસના ભાવિક ભક્તોએ ધન્યતા અનુભવી હતી.-અખંડ ભારત

# ભાવનગરના બે યાત્રાળુના આંતકી હુમલામાં મોત

વિકાસભાઈ - ગુજરાતના ભાવનગર થી યાત્રા પ્રવાસે ગયેલા ૨૦ યાત્રાળુઓ પૈકી ભાવનગરના બે યાત્રાળુઓના આતંકી હુમલામાં મોત નિપજયાંના સમાચાર મળતા સમગ્ર જિલ્લામાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.કાશ્મીર ના પહેલગામ માં આતંકી હુમલામાં ભાવનગર ના ૨૦ લોકો પૈકી ૨ જણના મોત થયેલ છે જ્યારે એક ઘાયલ થયેલ છે અને બીજા ૧૭ લોકો સુરક્ષિત છે..!મૃતકો માં પિતા અને પુત્ર જેના નામ યતિષ પરમાર (ઉંમર વર્ષ ૪૫)અને તેમના પુત્ર સ્મિત યતિષભાઈ પરમાર(ઉંમર વર્ષ ૧૭) રહે કાળીયાબીડ ભાવનગર ના સમાવેશ થાય છે જ્યારે ઈજાગ્રસ્ત વિનોદભાઈ ડાભી ને હાથ ના ભાગે ગોળી વાગતા તેઓ ઘાયલ થતા તેઓને હોસ્પિટલમાં સારવાર



હેઠળ રાખવામાં આવ્યા છે..! મળતી જાણકારી પ્રમાણે મૃતકો ને ૩ વાગ્યા ની ફ્લાઈટ માં શ્રીનગર થી મુંબઈ ત્યારબાદ મુંબઈ થી ભાવનગર લાવવા માં આવશે.આ સાથે બીજા લોકો ને પણ સુરક્ષિત રીતે હવાઈ માર્ગે શ્રીનગર થી મુંબઈ અને ત્યાર બાદ મુંબઈ થી ભાવનગર લાવવામાં આવશે..! આ સાથે શહેર ભાજપ પ્રમુખ શ્રી કુમારભાઈ શાહ સાથે શહેર ભાજપ ના નેતાઓ પીડિત પરિવાર ને સાત્વાના આપવા પહોંચ્યા હતા..!

# સાવલી મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરાયું

હસમુખ પટેલ - જમ્મુ કાશ્મીરના પહેલાગામાં થયેલ આતંકી હુમલો અને પશ્ચિમ બંગાળમાં થયેલા હિંસાના સમગ્ર દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.આ ઘટનાને વખોડી કાઢી આંતકવાદી તત્વો સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે સાવલી મામલતદારને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા આવેદન પત્ર આપવામા આવ્યું હતું.આ તબક્કે દ.ગુજરાત.પ્રાંત



ઉપાધ્યાક્ષ વિઠ્ઠલભાઈ પટેલ જગદીશ પટેલ મજુસર હસમુખ પટેલ સહીત અન્ય કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત




# રાજ્યના ગૃહમંત્રીના હસ્તે ટ્રોફી એનાયત કરાઈ

કિશોર દવે -રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે બનાસકાંઠાના લાખણીના મહેશભાઈ કે દવેને જસરા ટ્રોફી આપી સન્માનિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# વિશ્વ પુસ્તક દિવસ : સુરતીઓની વાંચન ભૂખ સંતોષવા શિક્ષણ સમિતિના શિક્ષકોએ વિનામૂલ્યે ફૂટપાથ પર લાઈબ્રેરી શરૂ કરી



સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ત્રણ શિક્ષકના અનોખા પુસ્તક પ્રેમને કારણે આજે હજારો સુરતીઓની વાંચન ભૂખ વિનામૂલ્યે સંતોષવામાં આવી રહી છે. પોતાના પુસ્તક પ્રત્યેનો લગાવ અને આ ડિજિટલ યુગમાં લોકો પણ પુસ્તક તરફ વળે તે માટે સમિતિના ત્રણ શિક્ષકોએ ભેગા મળીને સુરતના બે વિસ્તારમાં ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરી છે. તેનો હજારો લોકો લાભ લઈ વિનામુલ્યે પુસ્તકનું વાંચન કરી રહ્યાં છે.

આજના ઈન્ટરનેટ યુગમાં પુસ્તકનો ઉપયોગ ઓછો થતો જાય છે પરંતુ પુસ્તકના કારણે જ વિદ્યાર્થીઓનું ઘડતર થાય છે અને જ્ઞાનમાં વધારો થાય છે તે વિસરી જવામાં આવ્યું છે. જોકે, આવા યુગમાં પણ બાળકો સાથે સાથે મોટેરાઓ પણ પુસ્તક વાંચતા થાય તે માટે સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ત્રણ શિક્ષકોએ વિના મુલ્યે ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરી છે. ચાર વર્ષ પહેલા શરૂ કરેલી આ પુસ્તક પરબ હવે વિશાળ બની રહી છે અને તેમાં પુસ્તકોનો ખજાનો પણ સતત વધી રહ્યો છે.

સુરતીઓને કોઈ પણ જાતની મેમ્બર ફી કે વાંચન ફી વિના ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરનાર પાલિકાની શાળાના શિક્ષક રાઘવજીભાઈ ડાભી કહે છે, મૂળ સૌરાષ્ટ્રના વતની છે તેઓએ વતનમાં ગામના સહયોગથી ૨૦૦૦ની સાલમાં લાયબ્રેરી શરૂ કરી હતી તે ઘણી જ સમૃદ્ધ હતી. કેટલાક કારણોસર તેઓ સુરત સ્થાયી થયાં હતા. પરંતુ પુસ્તકો પ્રત્યેનો પ્રેમ અને અન્ય લોકો પણ પુસ્તકને અપનાવે તે તરસ હજી પણ એટલી જ હતી. તેથી સમિતિની શાળાના અન્ય શિક્ષકો સામે આ વિચાર મુક્યો તેમાં બે શિક્ષકોએ સહયોગ આપ્યો હતો. સુરતમાં લાયબ્રેરી માટે જગ્યા મોંઘી મળે અને તેનો નિભાવ ખર્ચ પણ વધુ આવે તેથી પુસ્તક ભેગા કરીને તેઓએ ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. મહિનાના પહેલા રવિવારે ઉત્રાણ ખાતે આવેલા ગાર્ડન બહાર ફૂટપાથ પર અને ત્રીજા રવિવારે પુણા યોગીચોક ગાર્ડન બહારના ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરી છે. આ લાયબ્રેરીમાં કોઈ પ્રકારની મેમ્બર ફી નથી કે કોઈ વાંચન ફી નથી. માત્ર વાચકનો મોબાઈલ નંબર વોટ્સએપ નંબર લેવામાં આવે છે અને ત્યાર બાદ જે પુસ્તક પસંદ કરે તે આપવામાં આવે છે. એક મહિના બાદ ફરી લાયબ્રેરી શરૂ થાય ત્યારે તે પુસ્તક જમા કરાવવાનું રહે છે. શરૂઆતમાં લોકો હસતા હતા પરંતુ હવે હજારો લોકો લાભ લઈ રહ્યા છે.

ફુટપાથ લાયબ્રેરીમાં સાથે જોડાયેલા સમિતિના અન્ય શિક્ષક જીતેન્દ્ર મકવાણા કહે છે, અમારી આ લાઈબ્રેરી સંપૂર્ણ લોકો પુસ્તક કે દાન આપે તેનાથી ચાલે છે અને હજારો લોકો પોતાની પસંદ પુસ્તકોનું વાંચન વિના મુલ્યે કરે છે. હાલ અનેક પુસ્તકો છે પરંતુ બાળકો માટેના પુસ્તક તથા અન્ય પુસ્તકોની અછત જરૂર પડે છે. જો કોઈ આ પુસ્તક પરબમાં જોડાવવા માંગતું હોય તો પુસ્તકોનું દાન કરી શકે છે તેથી અન્ય લોકો સુધી આ અક્ષરજ્ઞાન સાથે પુસ્તકોનું નોલેજ પણ વધારી શકાય છે. ૨૩ એપ્રિલ વિશ્વ પુસ્તક દિવસ છે અને આ દિવસે વધુમાં વધુ બાળકો અને લોકો પુસ્તક પ્રત્યેનો લગાવ વધે તે માટે અમારો પ્રયાસ હંમેશા રહે છે. અમારા આ પ્રયાસમાં અનેક લોકો સહભાગી થઈ રહ્યાં છે અને આ લાયબ્રેરીમાં વિના મુલ્યે તેઓ પોતાનો કિંમતી સમય ફાળવીને ફરજ બજાવે છે તેઓ પણ સાચા પુસ્તક પ્રેમીઓ છે.

# પાટણના જૂના ગંજ બજારમાં ગટર ઓવરફલો:માર્ગો પર દૂષિત પાણી ફરી વળ્યું,



પાટણ શહેરના જૂના ગંજ બજાર વિસ્તારમાં બુધવારની વહેલી સવારે ભૂગર્ભ ગટર લાઈન ચોક થવાની ઘટના સામે આવી છે. આ કારણે માર્ગો પર દૂષિત પાણી ફરી વળ્યું હતું. નગરપાલિકાની ભૂગર્ભ શાખાની બેદરકારીને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં અવારનવાર ભૂગર્ભ ગટરની લાઈનો ચોક થવાની સમસ્યા સર્જાય છે. આ સમસ્યાથી માર્ગો પર દૂષિત પાણી ફેલાય છે. તેનાથી વાહનચાલકો, રાહદારીઓ અને વેપારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

જૂના ગંજ વિસ્તારમાં ફેલાયેલા દૂષિત પાણીમાંથી અસહ્ય દુર્ગંધ આવતી હતી. સવારના સમયે વેપારીઓને આ દૂષિત પાણીમાંથી પસાર થવું પડ્યું હતું. વેપારીઓએ પાલિકાની ભૂગર્ભ શાખા પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. સ્થાનિકોએ રોગચાળો ફેલાવાની ચિંતા વ્યક્ત કરી છે. વેપારીઓએ માંગ કરી છે કે પાલિકાની ભૂગર્ભ શાખા તાત્કાલિક જેટિંગ મશીન દ્વારા સફાઈ અભિયાન હાથ ધરે અને સમસ્યાનું નિરાકરણ લાવે.

# દિલીપભાઈ નેતાની શ્રદ્ધાંજલિ સભામાં વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા



ઊંઝા શ્રી ઉમીયા માતાજી સંસ્થાનના માનદમંત્રી અને ટ્રસ્ટી દિલીપભાઈ નેતાનું તાજેતરમાં નિધન થયું છે. તેમની યાદમાં રંગપુર સમાજની વાડી બહાર માઢ ખાતે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દિલીપભાઈ નેતા ઊંઝા નગરના સન્માનનીય વ્યક્તિ હતા. તેઓ નગરની વિવિધ ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. સાથે જ તેઓ રાજકીય પ્રવૃત્તિઓમાં પણ સક્રિય હતા. તેમના અવસાનથી સમગ્ર ઊંઝા નગરની સંસ્થાઓ અને લોકોના હૃદયમાં શૂન્યતાની લાગણી છવાઈ ગઈ છે.યોજાયેલ શ્રદ્ધાંજલિ સભામાં ઊંઝા નગરના નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે શહેરની તમામ સામાજિક, શૈક્ષણિક, સેવાકીય, ધાર્મિક, રાજકીય અને વ્યાપારિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ વિવિધ જાતિ-સમાજના લોકોએ એકત્રિત થઈને દિલીપભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# આલમપુરમાં ૧૦ વર્ષ પહેલાં મારામારી કરનારા આરોપીને ૩ વર્ષની જેલ

ગાંધીનગર પાસેના આલમપુર ગામમાં ૧૦ વર્ષ પહેલા બપોરના સમયે બહુચર માતાજીના વાળાવાસમાં મારામારીનો બનાવ બન્યો હતો. અગાઉ કરેલી માથાકુટની અદાવત રાખતા ૪ લોકોએ મારામારી કરી હતી. આ બનાવમા ચિલોડા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલતા એક આરોપીને ત્રણ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર તાલુકાના આલમપુર ગામમાં આવેલા બહુચર માતા વાસમાં ગત ૩૧ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ બાદરજી ચુંથાજી સોલંકીના ઘરની સામે તેમના દીકરા મહોબતને અગાઉની અદાવતમાં ટીનાજી રણજિતજી સોલંકી, સરદારજી બાપુજી સોલંકી, રઘાજી બાપુજી સોલંકી અને કલીબેન રઘાજી સોલંકીએ માર માર્યો હતો. હાથમાં લાકડીઓ અને ધારીયા સાથે મહોબત ઉપર આરોપીઓ તુટી પડ્યા હતા. જેમાં માથામા ગંભીર ઈજાઓ થતા લકવો પડી જતા કાયમી ખોડ ખાંપણ આવી ગઇ હતી.

જેથી આરોપીઓ સામે ચિલોડા પોલીસ મથકમાં મારામારીની ફરિયાદ નોંધાવી હતી. કેસ કોર્ટમાં ચાલતા આરોપીઓ દ્વારા પોતાના બચાવમાં આ ગુનો તેમના દ્વારા કરવામાં આવ્યો જ નથી, તેવુ રટણ રટવામાં આવતુ હતુ. ત્યારે સરકારી વકીલ શિલ્પાબેન સોની દ્વારા આરોપીઓની ઉલટ તપાસ કરવામાં આવતા પુરાવાઓ અને સાક્ષીઓને તપાસ્યા હતા. ટીનાજી રણજિતજી ઠાકોરએ માથામાં ધારીયુ મારતા બેભાન થઈ ગયા હતા.

# કાર પર લાલ-ભુરી લાઇટ, Govt Of India લખાવી રોફ જમાવનાર યુવક ઝડપાયો, એક કાર પર ૪ હોદ્દાની પ્લેટ

ગુજરાતમાં નકલી કોર્ટ, જજ, પોલીસ સહિત નકલીની ભરમાર યથાવત્ છે, ત્યારે પંચમહાલના હાલોલમાં ખોટી રીતે રાજ્યસેવક જેમ બનીને ફરતો યુવક ઝડપાયો છે. યુવકે સમાજમાં પોતાની છાપ પાડવા માટે પોતાની કાર ઉપર લાલ-ભુરી લાઈટ રાખી ગર્વમેન્ટ ઑફ ઈન્ડિયા લખાવીને ફરતો હતો. યુવકે એક કાર પર ૪ અલગ-અલગ હોદ્દાની પ્લેટ લગાવી હતી. સમગ્ર ઘટનાની જાણ થતાં ખોટું નામ તથા ખોટો હોદ્દો ધારણ કરીને ફરતા યુવકને હાલોલ રૂરલ પોલીસે ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પંચમહાલના મૂળ શહેરા તાલુકાના નાંદરવા ગામનો ધ્રુવ વાળંદ નામન યુવકે પોતાની કાર પર જાણે સરકારી અધિકારી હોય તેવી રીતે ગર્વમેન્ટ ઑફ ઈન્ડિયા લખાવ્યું હતું અને કાર ઉપર લાલ-ભુરી લાઈટ રાખી હતી. આ મામલે હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી. જેને લઈને હાલોલ રૂરલ પોલીસે હાલોલ તાલુકાના કંજરી ગામે હરીદર્શન સોસાયટીમાં તપાસ કરતા નંબર પ્લેટ વગરની કાર મળી આવી હતી. મહત્ત્વનું છે કે, એક જ કાર પર યુવકે વિવિધ ચાર હોદ્દાની પ્લેટ લગાવી છે. જેમાં પોલીસ જે કલર વાપરે છે તેવી લાલ અને ભુરા કલરની પ્લેટ પર ગૌ રક્ષક લખ્યું છે, બીજી પ્લેટમાં ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા, ત્રીજીમાં ડૉક્ટર ધ્રુવ લખ્યું છે. જ્યારે કારની આગળ લાલ પ્લેટમાં ભારત સરકાર માન્ય રાષ્ટ્રીય અધ્યક્ષ ધ્રુવ બાપુ લખ્યું છે. તો લાલ કલરના અક્ષરથી નેશનલ પ્રેસિડેન્ટ ડૉ. ધ્રુવ લખ્યું છે, તેમાં અંગ્રેજીમાં પ્રેસિડન્ટનો સ્પેલિંગ પણ ખોટો લખ્યો છે.

સમગ્ર મામલે પોલીસે મૂળ શહેર તાલુકાના નાંદરવા ગામના અને હાલ હાલોલ તાલુકાના કંજરી ગામે રહેતા ધ્રુવ વાળંદ નામના યુવકને પોલીસે ઝડપી પાડ્યો હતો. ધ્રુવની પૂછપરછ સમયે તેણે જણાવ્યું હતું કે, ‘પોતે કોઈ રાજ્યસેવક નથી પરંતુ સમાજમાં રાજ્યસેવક છું તેવી છાપ પાડવા માટે કાર ઉપર લાલ-ભુરી લાઈટ રાખી ગર્વમેન્ટ ઑફ ઈન્ડિયા લખાવ્યું હતું.

# પહલગામ આતંકી હુમલોઃ ભાવનગરના પિતા-પુત્રના પાર્થિવ દેહને અમદાવાદ લવાયા, CM ભૂપેન્દ્ર પટેલ અંતિમ યાત્રામાં જોડાશે



જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં ગઈકાલે મંગળવારે (૨૨ એપ્રિલ, ૨૦૨૫) થયેલા આતંકવાદી હુમલામાં સુરતના યુવક અને ભાવનગરના પિતા-પુત્રનું ગોળીબારીમાં મોત નીપજ્યું હતું. સરકાર દ્વારા આજે બુધવારે ભાવનગરના મૃતકોના પાર્થિવ દેહને અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યા છે. સુરતના આશાસ્પદ યુવકનો મૃતદેહ દિલ્હીથી અંદાજિત રાત્રે ૧૧ વાગ્યે સુરત એરપોર્ટ લાવવામાં આવશે.

જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના બે સ્વર્ગસ્થ નાગરિકોમાં યિતેશ અને સ્મિત પરમારના પાર્થિવ દેહને અમદાવાદ એરપોર્ટ લાવવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના મંત્રીઓ હર્ષ સંઘવી, ઋષિકેશ પટેલ, મુકેશ પટેલ અને જગદીશ વિશ્વકર્મા એરપોર્ટ પર પહોંચ્યા હતા. જ્યારે સુરતના આશાસ્પદ યુવકનો મૃતદેહ દિલ્હીથી અંદાજિત રાત્રે ૧૧ વાગ્યે સુરત એરપોર્ટ લાવવામાં આવશે અને યુવકનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે.

# ચાર્જ સીટ હોવા છતાં સીટી ઈજનેરની દરખાસ્ત બાદ સુરત પાલિકાનો વધુ એક અંધેર વહીવટ

સુરત પાલિકાના મહેકમ વિભાગ દ્વારા ચાર્જ સીટ હોવા છતાં સીટી ઈજનેરની દરખાસ્ત મોકલી પાલિકાના અંધેર વહિવટનો નમુનો બહાર આવ્યો છે. આ વિવાદ સમે તે પહેલાં જ સામાન્ય સભાએ સીટી ઈજનેરની નિમણૂક મંજુર કરી નથી ત્યારે નિર્ણયને રદ કરવા માટે સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરી વધુ એક વખત ભાંગરો વાટ્યો છે. સીટી ઈજનેરની નિમણૂકની દરખાસ્ત પર સામાન્ય સભાએ મંજૂરીની મહોર મારી નથી ત્યારે સામાન્ય સભામાં ખાસ કેસમાં નિમણૂક રદ કરતા નિર્ણયને બહાલી આપવા દરખાસ્ત રજુ થતા અધિકારીઓ પણ ચોંકી ગયા છે. આગામી ૩૦ એપ્રિલના રોજ સુરત પાલિકાની સામાન્ય સભા મળશે. આ સભામાં સ્થાયી સમિતિ અને વિવિધ કમિટિના કામો ઉપરાંત વિવિધ કામો સાથે સામાન્ય સભામાં સિટી ઈજનેર પદે જતીન દેસાઈની નિમણૂક રદ કરતા નિર્ણયને બહાલી આપવાની સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરવામાં આવી છે. સામાન્ય સભાના એજન્ડામાં સ્થાયી સમિતિ દ્વારા સિટી ઈજનેર પદે જતીન દેસાઈની નિમણૂક કરેલા ઠરાવ નં.૬૭૯/૨૦૨૫ને ખાસ કેસ તરીકે રદ કરવાના નિર્ણયને બહાલી આપવાની દરખાસ્ત સામેલ કરવામાં આવી છે. સિટી ઈજનેર પદે જતીન દેસાઈની નિમણૂક ઠરાવ નં.૬૭૯/૨૦૨૫થી કરવામાં આવી હતી. જયારે જતીન દેસાઈ સામે ખાતાકીય તપાસ ચાલુ હોવાથી ઠરાવ નં.૬૭૯/૨૦૨૫ની અન્વયે ફેર-વિચારણાની દરખાસ્ત સંદર્ભે ઠરાવ નં.૬૭૯/૨૦૨૫ રદ કરવાનો ઠરાવ નં.૮૦૫/૨૦૨૫થી કરવામાં આવ્યો છે.

સુરત પાલિકાની સ્થાયી સમિતિએ જતીન દેસાઈને ચેપ્ટર પ્રોવાઈઝોથી સીટી ઈજનેર બનાવવા માટેનો ઠરાવ મંજૂર કરાયો હતો પરંતુ આ ઠરાવને સામાન્ય સભાએ મંજૂરી આપી નથી.

# અમે ડરી ગયા છીએ, ઘરે કેવી રીતે જઈશું? પહલગામ હુમલા બાદ શ્રીનગરમાં ફસાયા રાજકોટના મુસાફરો





જમ્મુ કાશ્મીરના પહલગામમાં ગઈકાલે મંગળવારે (૨૨ એપ્રિલ, ૨૦૨૫) થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં ત્રણ ગુજરાતીઓમાં સુરતના યુવકનું અને ભાવનગરના પિતા-પુત્રનું ગોળીબારીમાં મોત નીપજ્યું હતું. આતંકવાદી હુમલાને પગલે દેશભરમાં હાઈએલર્ટ આપી દેવામાં આવ્યું છે, ત્યારે રાજકોટથી કાશ્મીર ફરવા ગયેલા બે દંપતિ શ્રીનગરમાં અટવાયા હોવાનું સામે આવ્યું છે. જેમાં શ્રીનગરમાં પરિવાર સાથે ફસાયેલા રુચિએ વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે, ‘અમે ડરી ગયા છીએ, ઘરે કેવી રીતે જઈશું?‘જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં આતંકી હુમલા બાદ દેશભરમાં એલર્ટ જારી કરી દેવાયું છે. જ્યારે ગુજરાતમાંથી કાશ્મીર પ્રવાસે ગયેલા કેટલાક પ્રવાસીઓ પણ અટવાયા હોવાનું સામે આવ્યું છે, ત્યારે રાજકોટના દંપતીએ વીડિયો બનાવીને પોતાની આપવીતિ જણાવી હતી. વીડિયોમાં મહિલા જણાવે છે કે, ‘અમે પરિવાર સાથે કાશ્મીરમાં ફરવા આવ્યા છે. હાલ અમે શ્રીનગરમાં છીએ. આતંકી હુમલા બાદ તમામ રસ્તાઓ બંધ હોવાથી અમે અહીંથી નીકળી શકતા નથી. જોકે, અમે અહી સલામત છીએ. જ્યારે અમને ફ્લાઈટ પણ મળતી નથી, જેમાં વેઈટિંગ આવે છે અને ફ્લાઈટનું ભાડું પણ બહુ છે. અમે અહી ડરીને રહીએ છીએ અને બહુ હેરાન છીએ. અમારા પરિવારના લોકો પણ ચિંતામાં છે. અમને વતન લાવો...‘

આતંકી હુમલા બાદ જમ્મુ કાશ્મીરના પ્રવાસે ગયેલા અનેક લોકોમાં ડરનો માહોલ છવાયેલો છે. આ દરમિયાન પોતાના વતન પર ફરવા માટે ટ્રેન અને ફ્લાઈટમાં વેઈટિંગ આવી રહ્યું હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, ૧૬ પ્રવાસીઓને ગુજરાત સરકાર વતન પરત લાવશે. જમ્મુ-કાશ્મીરમાં પ્રખ્યાત પર્યટન સ્થળ પહલગામની મુલાકાતે આવેલા પ્રવાસીઓ પર આતંકવાદીઓએ ગઈકાલે મંગળવારે (૨૨ એપ્રિલ, ૨૦૨૫) મોટો હુમલો કર્યો હતો. પાંચ આતંકવાદીઓ ત્યાંના રિસોર્ટમાં ઘૂસી ગયા અને એક પછી એક પ્રવાસીઓ પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. આતંકવાદીઓએ પ્રવાસીઓના નામ અને ધર્મ પૂછ્યા પછી તેમને ગોળી ધરબી દીધી. આતંકવાદીઓએ લગભગ ૨૦થી ૨૫ મિનિટ સુધી આ ખૂની ખેલ ખેલ્યો અને પછી જંગલ તરફ નાસી છૂટ્યા. આ હુમલામાં ૨૮ લોકોના મોત થયા. પહલગામમાં થયેલા આ ભયાનક નરસંહાર બાદ લોકોમાં ભયનો માહોલ છે.

# વડોદરા શહેરમાં પોલીસ પરવાનગી વિના રાજકીય કાર્યક્રમો કરનારા સામે પોલીસ ફરિયાદ કરવા રજૂઆત

વડોદરા શહેરમાં કોર્પોરેશનની ચૂંટણી પૂર્વે રાજકીય પક્ષો અને સામાજિક સંગઠનો આમને સામને આવી કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે ત્યારે પોલીસ પરમિશન લીધા વિના પણ અનેક કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે જે સામે હવે પોલીસ ફરિયાદ કરવાની માગણી શરૂ થઈ છે. રાત્રે તાંદળજા વિસ્તારમાં યોજાયેલા ગેરકાયદે કાર્યક્રમ અંગે ભાજપના કોર્પોરેટર નીતિન દોંગાએ પોલીસ કમિશનરને પત્ર પાઠવી જણાવ્યું છે કે, વડોદરામાં આવેલ તાંદલજા વિસ્તારમાં તા.૨૨-૦૪-૨૦૨૫ના રોજ પોલીસ પરમીશન વગર હજારોની સંખ્યામાં વકફ બીલ તેમજ યુ.સી.સી. ના કાયદાના વિરોધમાં વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો તેમજ મહિલાઓ પણ ઉપસ્થીત રહ્યા હતા. જેથી આ વિરોધ પ્રદર્શનમાં કોઈપણ જાતની મંજુરી વગર આયોજન કરી અનેક મહિલા તેમજ બાળકોના જીવ જોખમમાં મૂકી દીધા હતા. કારણકે જો કોઈપણ જાતની મંજુરી વગર તેમજ કોઈપણ જાતની તકેદારી વગર આ વિરોધ પ્રદર્શન રાખ્યું હોય અને જો આ જગ્યા પર કોઈ અણ બનાવ બન્યો હોત તો અનેક લોકોના જીવને જોખમ ઉભું થાત, તેમજ આ કાર્યક્રમ માટે એક પત્રિકા બહાર પાડી હતી જેમાં પોલીસ પરમીશન મળી ગયા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પરંતુ આવી કોઈ પરમીશન મેળવેલ ન હતી. જેથી લોકોને ગેરમાર્ગે દોરી ખોટી રીતે આ વિરોધમાં બોલાવેલ માટે આ પત્રિકા બહાર પાડનાર તેમજ આ વિરોધ પ્રદર્શનનુ આયોજન કરનાર તેમજ લોકોને ગેરમાર્ગે દોરનાર વિરોધ પ્રદર્શનના આયોજક સામે જે.પી. રોડ પોલીસ સ્ટેશનની હદમાં આ વિરોધ પ્રદર્શન રાખેલ હોય જે.પી.રોડ પોલીસ સ્ટેશનના અધિકારી દ્વારા આ લોકો સામે જાહેરનામાં ભંગ તેમજ ખોટી પોલીસ પરમીશનની પત્રિકા બહાર પાડનાર લોકો સામે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવે.

# પહેલગામ વેકેશન પર ગયા હતા દીપિકા-શોએબ!:આતંકી હુમલાના દિવસે સવારે કશ્મરી છોડયું, ફેન્સને અપડેટ આપવું દંપતીને મોંઘું પડયું





જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં મંગળવારે બપોરે લગભગ ૨.૪૫ વાગ્યે આતંકવાદીઓએ ગોળીબાર કર્યો. બૈસરન ખીણની મુલાકાતે આવતા પ્રવાસીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હુમલામાં ૨૭ લોકોનાં મોત થયાં, ઘણા ઘાયલ થયા છે. એવામાં ફેન્સનું ધ્યાન દીપિકા કક્કડ અને શોએબ મલિક તરફ ગયું, જે કાશ્મીર ફરવા ગયા હતા. જોકે, સદનસીબે આ દંપતી હુમલાના થોડા કલાકો પહેલા જ કાશ્મીર છોડીને દિલ્હી પહોંચી ગયું હતું.આતંકવાદી હુમલાના બે દિવસ પહેલા દીપિકાએ પહેલગામમાં ફરતો પોતાનો એક વીડિયો શેર કર્યો હતો. ફેન્સની સતત કોમેન્ટ જોઈને શોએબ ઈબ્રાહિમે લોકોનો આભાર માન્યો અને કહ્યું કે- હુમલાના દિવસની સવારે જ તેમણે કાશ્મીર છોડી દીધું હતું અને સુરક્ષિત રીતે દિલ્હી પહોંચી ગયા હતા.વ્લોગનો ઉલ્લેખ કરતાં લોકો ગુસ્સે થયા શોએબ ઈબ્રાહિમે પોતાની પોસ્ટના અંતે લખ્યું છે કે- નવો વ્લોગ ટૂંક સમયમાં આવશે. જ્યાં એક તરફ આખો દેશ આતંકવાદી હુમલાથી શોકમાં ડૂબેલો છે, એવામાં શોએબ દ્વારા નવા વ્લોગ અંગે ઉલ્લેખ કરતા લોકો ગુસ્સે થયા. એક યુઝરે ટીકા કરતા લખ્યું, 'નવો વ્લોગ ટૂંક સમયમાં આવી રહ્યો છે' ગંભીરતાથી કહું તો, તમે આતંકવાદી હુમલાના પીડિતો માટે કંઈ નહીં કહો. તમને ફક્ત તમારા વ્લોગની જ પડી છે. જે લોકો તમારી ચેનલને સબ્સ્ક્રાઈબ કરી છે અને તમને જુએ છે તેમને શરમ આવવી જોઈએ.જ્યારે બીજા યુઝરે લખ્યું, શું તમને શરમ નથી આવતી? ૨૫થી વધુ હિન્દુઓને પોઈન્ટ બ્લેન્ક રેન્જમાં મારી નાખવામાં આવ્યા હતા અને તમારો મેસેજ અને લોકો પ્રત્યેની ચિંતા ફક્ત તમારા વ્લોગ વિશે છે.દીપિકા-શોએબ એક અઠવાડિયાં માટે કાશ્મીર ગયા હતા આ દંપતી છેલ્લા એક અઠવાડિયાંથી તેમના પુત્ર સાથે કાશ્મીર ફરવા ગયું હતું.

## અનન્યાના કઝિન અહાન પાંડેની બોલિવૂડમાં એન્ટ્રીઃયશ રાજની ઇન્ટેન્સ લવ સ્ટોરી સૈયારામાં જોવા મળશે

વર્ષ ૨૦૨૫ માં, વધુ એક સ્ટાર કિડનો બોલિવૂડમાં પ્રવેશ થઈ રહ્યો છે. એક્ટ્રેસ અનન્યા પાંડેનો કઝિન અહાન પાંડે ટૂંક સમયમાં મોટા પડદા પર જોવા મળશે. અહાનને યશ રાજ ફિલ્મ્સ બેનર દ્વારા તેની ફિલ્મ 'સૈયારા' થી લોન્ચ કરવામાં આવી રહ્યો છે.નિર્માતાઓએ મંગળવારે આની જાહેરાત કરી. 'બિગ ગર્લ્સ ડોન્ટ ક્રાય' ફેમ અનિત પડ્ડા આ ફિલ્મમાં અહાન સાથે જોવા મળશે. અનિત પડ્ડા કાજોલ અને આમિર ખાન સાથે 'સલામ વેંકી'માં જોવા મળી છે. યશ રાજે પોતાના સોશિયલ મીડિયા પર એક નિવેદન બહાર પાડીને ફિલ્મને એક ઈન્ટેન્સ લવસ્ટોરી ગણાવી છે. મોહિત સુરી આ ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યા છે.આ



જાહેરાત પછી, અનન્યા પાંડેએ એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી અને તેના ભાઈનું ફિલ્મોમાં સ્વાગત કર્યું. 'સૈયારા' ૧૮ જુલાઈના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. પહેલી વાર મોહિત સુરી અને યશ રાજ સાથે કામ કરી રહ્યા છે. મોહિત સૂરી 'આશિકી-૨ 'એક વિલન, મલંગ 'મર્ડર-૨, 'આવારાપન' જેવી રોમેન્ટિક ફિલ્મો માટે જાણીતો છે.નોંધનીય છે કે, અહાન એક્ટર ચંકી પાંડેનો ભત્રીજો છે અને લાંબા સમયથી હેડલાઈન્સમાં છે. બહેન અલાનાના લગ્નમાં અનન્યા અને ચંકી પાંડે સાથેનો તેનો ડાન્સ વાયરલ થયો હતો. અહાન ઘણા સમયથી ઈન્ડસ્ટ્રીમાં આવવાની તૈયારી કરી રહ્યો હતો. આ માટે તે ડિરેક્ટર આદિત્ય ચોપરા પાસેથી તાલીમ લઈ રહ્યો હતો. એક્ટિંગ કરિયર શરૂ કરતાં પહેલાં, તેણે યશ રાજની સિરીઝ 'ધ રેલ્વે મેન' માં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું.

જો આપણે સ્ટાર કિડસ લોન્ચ વિશે વાત કરીએ, તો અત્યાર સુધી કરણ જોહર ધર્મા પ્રોડક્શન્સ દ્વારા સ્ટાર કિડસ લોન્ચ કરતો રહ્યો છે. હવે તેમાં આદિત્ય ચોપરાનું નામ પણ ઉમેરાયું છે. આદિત્યએ અગાઉ આમિર ખાનના દીકરા જુનૈદ ખાનને લોન્ચ કર્યો હતો. જુનૈદે નેટફિલક્સ ફિલ્મ 'મહારાજ' થી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી.

## મોદીજી તેને તેની જ ભાષામાં જવાબ આપો!:પહેલગામ હુમલા પર સંજય દત્ત, અક્ષય કુમાર સહિતના સેલેબ્સે ગુસ્સો ઠાલવ્યો

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ગઈકાલે (૨૨ એપ્રિલ)ના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૭ લોકોનાં મોત થયા હતા. આ આતંકવાદી હુમલાને કારણે સમગ્ર દેશમાં ગુસ્સો છે. અમિતાભ બચ્ચન, અજય દેવગન અને કમલ હાસન સહિત ઘણા બોલિવૂડ સેલેબ્સે પણ આ અંગે નારાજગી વ્યક્ત કરી છે. સંજય દત્તે નરેન્દ્ર મોદીને ટેગ કરીને એક પોસ્ટ શેર કરી છે, જેમાં લખ્યું છે કે- આ માફીને લાયક નથી, આતંકવાદીઓને જણાવવું પડશે કે હવે આપણે ચૂપ નહીં રહીએ. અમિતાભ બચ્ચને પણ એક પોસ્ટ મૂકી આ હુમલાની નિંદા કરી હતી.સંજય દત્તે આતંકવાદી હુમલા પર લખ્યું કે, તેમણે આપણા લોકોને નિર્દયતાથી માર્યા. આ માફીને લાયક નથી, આતંકવાદીઓને જણાવવું પડશે કે હવે આપણે ચૂપ નહી રહીએ. આપણે આ હુમલાનો જવાબ આપવો પડશે. હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહને વિનંતી કરું છું કે તે લોકોને તેની જ ભાષામાં સજા આપવામાં આવે.અમિતાભ બચ્ચનની પોસ્ટ આતંકવાદી હુમલાના સમાચાર ફેલાતા, અમિતાભ બચ્ચને મોડી રાત્રે તેમના X એકાઉન્ટ પરથી ફક્ત ટવીટનો નંબર પોસ્ટ કર્યો અને બીજું કંઈ લખ્યું નહી. કેટલાક લોકો આ પોસ્ટને મૌન ગણાવી રહ્યા છે, જ્યારે કેટલાક લોકો માને છે કે જયા બચ્ચનના રાજકીય કારકિર્દીને કારણે અમિતાભ બચ્ચને આતંકવાદી હુમલા પર



પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો ન હતો.મીડિયા રિપોર્ટર્સમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે- પ્રવાસીઓને ગોળી મારતા પહેલા આતંકવાદીઓએ તેમના નામ પૂછ્યા હતા. તેમાંથી એક યુપીનો શુભમ દ્વિવેદી હતો, જેને આતંકવાદીઓએ તેનું નામ પૂછ્યા બાદ માથામાં ગોળી મારી દીધી હતી. મૃતકોમાં યુપી, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ અને ઓડિશાના પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

## ઉરીમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરનાર બે આતંકી ઠાર, હથિયારોનો જથ્થો-પાકિસ્તાની ચલણી નોટો મળી



જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ગઈકાલે મંગળવારે (૨૨ એપ્રિલ, ૨૦૨૫) પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ સેનાના જવાનોએ આજે બુધવારે ઉત્તર કાશ્મીરના ઉરીમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ દરમિયાન એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. જેમાં ભારતીય સેનાએ બારામુલ્લાના હાજી પીર સેક્ટરમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો હતો. જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ગઈકાલે મંગળવારે પર્યટકો પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ૨૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે આજે બુધવારે આતંકવાદીઓ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં ઉરી સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે, સેનાના જવાનોએ આતંકવાદીઓના આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. જ્યાં આતંકવાદીઓ અને સૈનિકો વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. જેમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. ભારતીય સેનાએ બારામુલ્લાના હાજી પીર સેક્ટરમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ કર્યો હતો. સેના દ્વારા જપ્ત કરવામાં આવેલા હથિયારો અને દારૂગોળામાં રાઈફલ, જીવતા કારતૂસ, મેગજિન અને પાકિસ્તાની કરન્સી મળી આવી હતી.

માહિતી આપતાં, ભારતીય સેનાએ જણાવ્યું હતું કે, આજે બુધવારે જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં નિયંત્રણ રેખા (LOC) પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. X પરની એક પોસ્ટમાં, ચિનાર કૉર્પ્સે જણાવ્યું હતું કે ૨૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ, લગભગ 2-3 UAH આતંકવાદીઓએ બારામુલ્લા(ઉત્તર કાશ્મીરમાં)ના ઉરી નાલ્લામાં સરજીવાનના સામાન્ય વિસ્તારમાંથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.

## પહેલગામ હુમલાથી બોલિવૂડ સિલેબ્સ આઘાતમાં, કરીના-રશ્મિકા સહિત ઘણાએ પીડિતો માટે પ્રાર્થના કરી

૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા ખતરનાક આતંકી હુમલાએ પુરા દેશને ધ્રુજવી નાખ્યો છે. આ ખતરનાક હુમલામાં ૨૮ લોકોએ તેમના જીવ ગુમાવ્યા છે, તેમજ૧૨ લોકો ઈજાગ્રસ્ત થયા છે. એવામાં આ દુઃખદ ઘટના પર અક્ષય કુમાર સાથે બીજા ઘણા બોલિવૂડ સિલેબ્સએ દુઃખ અને ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તેમજ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને હુમલાની નિંદા કરીને કડક કાર્યવાહીની માંગ કરી હતી. અક્ષય કુમારે પહલગામ હુમલા પર દુઃખ વ્યક્ત કરતા X પર પોસ્ટ કર્યું હતું કે, 'પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાના સમાચાર સાંભળીને હું ચોંકી ગયો. આ રીતે નિર્દોષ લોકોની હત્યા કરવી એ ઘોર બર્બરતા છે. હું પીડિત પરિવારો માટે પ્રાર્થના કરું છું.'પોતાનો ગુસ્સો વ્યક્ત કરતી વખતે સંજયે લખ્યું - 'તેમણે આપણા લોકોને નિર્દયતાથી મારી નાખ્યા. આ માફ ન કરી શકાય. આ આતંકવાદીઓને જાણવાની જરૂર છે કે આપણે ચૂપ નહીં રહીએ. આપણે આનો યોગ્ય જવાબ આપવો પડશે. હું આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીજી, ગૃહમંત્રી અમિત શાહજી અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહજીને વિનંતી કરું છું કે તેમને



આ હુમલા માટે યોગ્ય સજા આપવામાં આવે.'સાઉથના સુપર સ્ટાર અલ્લુ અર્જુને પણ પહલગામ હુમલાને લઈને પોતાનું દુઃખ વ્યક્ત કરતા લખ્યું- 'પહલગામ હુમલાથી મારું દિલ ટૂટી ગયું છે. આટલી સરસ જગ્યા ત્યાંના આટલા સારા લોકો. તેમના પરિવારો માટે હું પ્રાર્થના કરું છું.

## આતંકવાદી હુમલાની અસર, વડોદરામાં ૧૫ મે સુધીના કાશ્મીરના ૮૦ ટકા બુકિંગ લોકોએ કેન્સલ કર્યા

કાશ્મીરના પહલગામમાં તારીખ ૨૨ એપ્રિલના રોજ પ્રવાસીઓ પર થયેલા ગોઝારા આતંકવાદી હુમલા બાદ વડોદરાના ટ્રાવેલ એજન્ટો પર કાશ્મીરની ટૂરના બુકિંગ કેન્સલ કરવા માટે લોકો ફોન કરી રહ્યા છે.વડોદરા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસિએશનના પ્રમુખ મનીષભાઈ શાહએ કહ્યું હતું કે આ વખતે કાશ્મીરની ટૂર માટે ઉનાળા વેકેશનમાં લોકોનો ભારે ઘસારો હતો. જુનના પહેલા સપ્તાહ સુધી કાશ્મીરમાં મોટાભાગની હોટલો પણ ફૂલ હતી. ગઈકાલે થયેલા આતંકવાદી હુમલા બાદ સ્વાભાવિક રીતે લોકો ડરી રહ્યા છે. અમારા એસોસિયેશનના મોટાભાગના એજન્ટોના ૧૫મી સુધીના કાશ્મીરના ૮૦ ટકા પેકેજ કેન્સલ થયા છે.બીજી તરફ અત્યારે જે લોકો કાશ્મીરમાં ફરવા ગયા છે તેઓ પણ તત્કાલ પોતાના ઘરે પાછા ફરવા માંગે છે. કાશ્મીરના સ્થાનિક એજન્ટો તેમને મદદરૂપ થઈ રહ્યા છે અમારા અને બીજા એસોસિયેશન એ ત્યાંના સ્થાનિક એજન્ટોના નંબર પણ જાહેર કર્યા છે. વિવિધ એરલાઈન્સે પણ તારીખ ૩૦ એપ્રિલ સુધી કાશ્મીરની ટિકિટો કેન્સલ કરાવનારને તમામ પૈસા પરત આપવાની જાહેરાત કરી છે.

બીજી તરફ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસિયેશન ઓફ વડોદરાના પ્રમુખ મનીષ શાહે કહ્યું હતું કે અમારા એસોસિયેશનના સભ્યોને અમે આ સિઝનની કાશ્મીરની તમામ ટૂર રદ કરવાની સલાહ આપી છે. આગામી અમરનાથ યાત્રાએ જનારા ભાવિકોની સંખ્યા પર પણ આ હુમલાની અસર પડે તેવું મને લાગી રહ્યું છે.

## તુર્કિમાં ૬.૨ની તીવ્રતાનો મોટો ભૂકંપ, હાલ કોઈ જાનહાનિના અહેવાલ નહીં

તુર્કિના ઈસ્તંબુલમાં આજે ૬.૨ ની તીવ્રતાનો ભયાવહ ભૂકંપ આવ્યો છે. આ ભૂકંપનું કેન્દ્ર ઈસ્તંબુલના મરમરા દરિયામાં હતું. હાલ કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ મળ્યા નથી. તુર્કિનોના ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ પ્રેસિડન્સીએ આ અંગે માહિતી આપી હતી. જર્મન રિસર્ચ સેન્ટરે ભૂકંપની તીવ્રતા અને કેન્દ્ર નોંધ્યું હતું. ૬.૨ની તીવ્રતાના આ ભૂકંપમાં ઈસ્તંબુલ શહેરની ઘણી ઈમારતો ધ્રુજવા લાગી હતી. તુર્કિનોમાં ૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ પણ ભયાનક ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ભૂકંપના કલાક બાદ જ તુર્કિનોના અન્ય ૧૧ પ્રોવિન્સમાં પણ તારાજી સર્જાઈ હતી. જેમાં ૫૩૦૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

## પહેલગામ હુમલાનો બદલો લેવામાં આવશે, જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાનું મોટું નિવેદન

: જમ્મુ કાશ્મીરના પહલગામમાં ગઈકાલે મંગળવારે (૨૨ એપ્રિલ, ૨૦૨૫) થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશ ગુસ્સામાં અને શોકમાં છે. હુમલાને લઈને કેન્દ્ર સરકાર દ્વારા જવાબી કાર્યવાહીની તૈયારીઓ કરાઈ રહી છે. જ્યારે આજે બુધવારે (૨૩ એપ્રિલ) પહલગામ હુમલાને લઈને ઉપરાજ્યપાલ મનોજ સિન્હાનું મોટું નિવેદન સામે આવ્યું છે.

આતંકી હુમલાને લઈને આજે બુધવારે સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી હતી. ગૃહમંત્રી અમિત શાહે ઉચ્ચ સ્તરીય બેઠકમાં આપેલા નિર્દેશોનું તાત્કાલિક પાલન કરાશે.

# પહેલગામ હુમલા મુદ્દે સોશ્યલ મિડીયામાં પોસ્ટ કરનાર યુવકની ધરપકડ




જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલાએ સમગ્ર દેશમાં કરૂણતા સાથે ગુસ્સો જગાવ્યો છે, ત્યારે એક યુવાન દ્વારા આ ઘટના પર આતંકવાદીઓને ધન્યવાદ કરી અને ખુશી વ્યક્ત કરતા પોલીસે તેની ધરપકડ કરી છે. આ યુવકે સોશિયલ મીડિયા પર પાકિસ્તાન અને આતંકવાદીઓને ધન્યવાદ આપ્યા હતા.સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, આરોપી યુવક મુસ્લિમ સમુદાયનો છે.આરોપીનું નામ મોહમ્મદ નૌશાદ છે. આરોપી યુવકે પહેલગામ આતંકવાદી હુમલા પર ખુશી વ્યક્ત કરી છે. યુવકે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી, પોતાને એક ઈસ્લામિક વકીલ અને ઝારખંડના બોકારોનો રહેવાસી ગણાવ્યો. તેણે લખ્યું કે 'આભાર પાકિસ્તાન, આભાર લશ્કર-એ-તૈયબા, અલ્લાહ તમને હંમેશા ખુશ રાખે, આમીન, આમીન.' જો RSS, BJP, બજરંગ દળ અને મીડિયાને નિશાન બનાવવામાં આવે તો આપણે વધુ ખુશ થઈશું.આ છે પહેલગામ આતંકવાદી હુમલાનો માસ્ટર માઈન્ડ, જેના પર પાકિસ્તાની સેના વરસાવે છે ફૂલ આ પોસ્ટ વાયરલ થયા બાદ પોલીસ એક્શનમાં આવી અને યુવકની ધરપકડ કરી. પોલીસ સૂત્રોનું કહેવું છે કે આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી રહી છે કારણ કે જો કોઈ ઝારખંડમાં આતંકવાદી પ્રવૃત્તિઓને સમર્થન આપી રહ્યું છે. આ સંદર્ભમાં તે આંતરિક સુરક્ષા માટે પણ ખતરો છે. હાલમાં પોલીસ આરોપીઓની પૂછપરછ કરી રહી છે.

# રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં ભાગ લીધો



લાલભાઈ પટેલ -ખેલ મહાકુંભ ૨૦૨૪ - ૨૫ અંતર્ગત પડુસ્મા અભિનવ પ્રાથમિક શાળામાં ધોરણ ૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઠાકોર દક્ષ રાકેશજીએ અંડર-૯ એટલેટીક્સ ઈવેન્ટમાં ૩૦ મીટર દોડમાં શાળા કક્ષા , તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી રાજ્ય કક્ષા માટે ક્વોલિફાઇ થયેલ હતો.તાજેતરમાં ખેડા નડિયાદ મુકામે યોજાયેલ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિદ્યાર્થીએ ભાગ લઈ શાળા અને ગામનું ગૌરવ વધાર્યું હતું.શાળાના સી.પી.એડ. શિક્ષિકા કુંવરબેન ચૌધરી અને આચાર્ય સતિષભાઈ પટેલ દ્વારા બાળકને સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

-અખંડ ભારત

# વિરમગામમાં પુસ્તક દિનની ઉજવણી કરાઈ



વિરેશ પરમાર - વિરમગામ સરકારી પુસ્તકાલય ખાતે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગ્રંથાલય ખાતું સરકારી તાલુકા પુસ્તકાલય વિરમગામ ખાતે વિશ્વ પુસ્તક દિન અને કોપી રાઈટ ડે (થીમ રીડ યોર વે) ની ઉજવણી નિમિતે વિવિધ સાહિત્યકારોના તેમજ નવીન આવેલ સ્પર્ધાત્મક અને વિશ્વકોશ પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવેલ જેમાં પુસ્તકાલયનો સ્ટાફ તેમજ ડો.પરેશ તલૈયા, તાલુકા પંચાયતના કર્મચારી નિમેષ ગુર્જર તથા પુસ્તકાલયના વાંચક મિત્રો અને સભ્યોએ પ્રદર્શન નિહાળ્યું હતું ત્યારબાદ આજના વિશ્વપુસ્તક દિવસની ઉજવણી વિશ્વમાં કેવી કેવી રીતે થાય છે તેની માહિતી આપવામાં આવી હતી.-અખંડ ભારત

# ભૂતવડ પ્રા.શાળામાં વિદાય સમારંભ યોજાયો

કિરણસિંહ ચાવડા - ગરબાડા તાલુકાના વજેલાવ ગામની ભૂતવડ પ્રાથમિક શાળા ખાતે ધોરણ ૫ માં અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓનો વિદાય સન્માન સમારંભ સી. આર. સી. કો. ઓર્ડીનેટર લક્ષ્મણભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો શાળાના આચાર્ય જગદીશભાઈ ડામોરે સ્વાગત પ્રવચન કર્યું હતું.દીક્ષાંત પ્રવચન શાળાના શિક્ષક દીપક દરજી, શિક્ષિકા વર્ષા પટેલ અને નીતા દરજીએ બાળકોને ઉજ્વળ ભવિષ્ય માટે ખાસ



આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે એસએમસી સભ્યો વાલીઓ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# ભિલોડામાં દારૂબંધી ને મજાક સમજનાર કાયદાના સકંજામા

નીતિન પંડ્યા - અરવલ્લી જિલ્લાના ભિલોડા વિસ્તારના રીટોડા ગામનો એક વીડિયો વાઈરલ થયો હતો. જેમાં ખુલ્લેઆમ દારૂની પેટી લઇ એક ઇસમ વરઘોડામાં દેખાય છે કે જેને કાયદાનો ખોફ નથી અને જાણે દારૂ ની છુટ મળી ગઇ હોય એમ તેમાંથી બોટલો વહેચાય છે જે વાઈરલ વીડિયો અનુસંધાને ડી.બી.વાળા, પોલીસ ઈન્સપેક્ટર, ભિલોડા પોલીસ સ્ટેશને તપાસ કરતા ગઇ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ ભિલોડા તાલુકાના રીટોડા ગામે એક લગ્નનો વરઘોડો નિકળેલ હતો અને તેમાં દેખાતા ઇસમો જે દારૂની પેટી સાથે હતા તેની તાત્કાલિક ઓળખ કરી, દારુની પેટી સાથે દેખાતો ઇસમ અજયભાઈ સતીષભાઈ હોથા તથા બીજો ઇસમ હિતેશ સાંજાભાઈ પાંડોર બંન્ને રહે.રીટોડા તા.ભિલોડા જી.અરવલ્લીની પ્રોહિબિશન હેઠળ અટકાયત કરી આગળની કાર્યવાહી ભિલોડા પોલીસે હાથ ધરી છે.-અખંડ ભારત



# ગાંધીનગરના કોલવડામાં પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પ્રવિણચંદ્ર પઢીયા - રાજ્યના પાટનગર ગાંધીનર જિલ્લાના કોલવડા મોટા ઠાકોરવાસ(પગીવાસ)માં નવનિર્માણ કરવામાં આવેલ મંદિરમાં મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવનું ત્રિ-દિવસીય આયોજન કરવામાં આવતા સ્થાનિક ભાવિક ભક્તો,આમંત્રિતો ઉપસ્થિત રહી વિવિધ ધાર્મિક પ્રસંગ અને માતાજીના દર્શન તથા પ્રસાદીનો લ્હાવો લીધો હતો.- અખંડ ભારત

# પાલડી પ્રા.શાળામાં વિશ્વ પૃથ્વી દિનની ઉજવણી કરાઈ



હરેશ પંચાલ - બાયડ તાલુકાની અંતરિયાળ વિસ્તારમાં આવેલી પાલડી પ્રાથમિક શાળામાં વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી નિમિત્તે સંજયભાઇ પટેલના (સરદાર નર્સરી, ભૂડાસણ) સહયોગથી ધોરણ ૩ થી ૫ માં અભ્યાસ કરતાં બાળકોને રોપાનું વિતરણ કરીને વૃક્ષા રોપણ કરવામાં આવ્યું. શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોનીએ વિશ્વ પૃથ્વી દિવસ વિશે બાળકોને જણાવ્યું હતું કે જો આપણી પૃથ્વી જીવશે તો આપણે જીવીશું. પૃથ્વીને જીવાડવા માટે પર્યાવરણ બચાવો અને વૃક્ષા રોપણ કરવું જરૂરી છે.વૃક્ષા રોપણ કર્યા પછી તેની માવજત કરવી પણ ખૂબ જરૂરી છે. વૃક્ષો વાવો વધુ વરસાદ લાવો, વૃક્ષ એ જ જીવન, વૃક્ષો વાવો જીવન બચાવો જેવા સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. બાળકો પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય તે હેતુથી વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે રોપાનું વિતરણ કરીને વૃક્ષા રોપણ કરવામાં આવ્યું.સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોની અને શાળા પરિવારે કર્યું હતું.-અખંડ ભારત

# મોડાસાના સાયરા નજીકથી પીક અપ ડાલામાંથી ઈંગ્લિંશ દારૂનો જથ્થો ઝડપાયો






નિતીન પંડ્યા - અરવલ્લી જિલ્લા એલસીબી ટીમના માણસો પ્રોહિબિશન પેટ્રોલિગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે રાજસ્થાન રાજયમાંથી એક મહીન્દ્રા બોલેરો મેક્સ ડાલામાં ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરીને મોડાસા થઈને પસાર થવાના હોવાની બાતમીના આધારે પોલીસે વૉચ સઘન કરી હતી.જે દરમ્યાન બાતમી મુજબ હકીકતવાળી પાયલોટીગ કરી રહેલ મારૂતી અર્ટીકા તથા તેની પાછળ મહીન્દ્રા બોલેરોને થોભાવાનો પ્રયાસ કરવા છતાં બંન્ને વાહનોના ચાલકે પોતાના વાહનો ઉભા નહી રાખી કુશ્કી અને કુડોલ દધાલીયા થઈ સાયરા તરફ જતાં પોલીસે નાકાબંધી કરી બંન્ને વાહનોને ઝડપી પાડી મહિન્દ્રા પીક-અપ ડાલામાં તલાશી લેતા તેમાંથી ઈંગ્લિશ દારૂની વિવિધ બ્રાન્ડની દારૂ તથા બીયરની પેટીઓ ૩૫ જેમાં બોટલ/ટીનનંગ ૧૧૦૪ જેની કિ.રૂ. ૧,૯૦,૬૮૦/-નો પ્રોહી મુદ્દામાલ તથા મોબાઈલ ફોન નંગ-૫ કિ.રૂ. ૩૫,૦૦૦/-તથા મહીન્દ્રા મેકસ ડાલાની કિ.રૂ.૫,૦૦,૦૦૦/-તથા અર્ટીગા ગાડી કિ.રૂ.૫,૦૦, ૦૦૦/-મળી કુલ કિ.રૂ. ૧૨,૨૫,૬૮૦/-ના મુદ્દામાલ સાથે (૧) ઓમ દીલીપભાઈ વાળંદ ઉ.વ.૨૧ રહે. શક્તિનગર ધનસુરા તા.ધનસુરા જી.અરવલ્લી (૨) વિજય રઘુનાથભાઈ દેસાઈ ઉ.વ.૨૩ રહે.જામઠા રબારી વાસ તા.ધનસુરા જી.અરવલ્લી (૩) દર્શીલ કમલેશભાઈ વાળંદ ઉ.વ.૨૧ રહે. શક્તિનગર ધનસુરા તા. ધનસુરા જી.અરવલ્લી (૪) ગુરૂ વિનોદભાઈ વાળંદ ઉ.વ.૨૮ રહે. ધનસુરા કોર્ટની પાછળ તા.ધનસુરા જી. અરવલ્લી (૫) અજય રઘુનાથભાઈ દેસાઈ ઉ.વ.૨૩ રહે.જામઠા રબારી વાસ તા.ધનસુરા જી.અરવલ્લીની પ્રોહિબિશન હેઠળ અટકાયત કરી મોડાસા રૂરલ પો.સ્ટે.ગુનોં નોધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

# કાવા-જંબુસર રોડ ઉપર જંગલી પ્રમાણી સાથે અથડાતા બાઈક ચાલકને ઈજા

પ્રદિપભાઈ - કોવા -જંબુસર રોડ માર્ગ ઉપરથી પોતાના કબ્જાની બાઈક લઈને પસાર થતાં ખાનપુર ગામના મેહુલ નટવરભાઈ સાથે જંગી ડુક્કર પ્રાણી સાથે અથડાઈ જતાં પટકાયેલ બાઈક સવારને શરીરે માથાના ભાગે ઈજા પહોચતા તાત્કાલિક ૧૦૮ મારફતે જંબુસર અને બરોડા ખાતે તબિબિ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.-અખંડ ભારત

# ધાંગધ્રામાં રોડ સેફ્ટી જાગૃતિ કાર્યક્રમ...



રવિકુમાર નાગર - ધાંગધ્રામાં જિલ્લા આરટીઓ ઈન્સપેક્ટર એસ.આર ગામિત,જીજ્ઞેશ મોદી - ટોલ મેનેજર તથા માર્કેટયાર્ડના કર્મચારીઓની ઉપસ્થિતીમાં યાર્ડમાં ઉપજ વેચાણ અર્થે લઈ આવનાર ખેડૂતોના વાહનો ઉપર રેડીયમ સ્ટીકર લગાવી રોડ સેફ્ટી મુદ્દે રાખવાની તકેદારીના જરૂરી સલાહ સૂચનો અને માર્ગદર્શન વાહન ચાલકોને આપવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# થરાદમાં એબીવીપી દ્વારા આતંકી હુમલામાં મૃત્યુ પામનાર મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ

થાનાજી રાજપૂત - જમ્મુ કાશ્મીરમાં પહેલગામની બૈસરન ખીણમાં ધર્મ પુછીને ગોળીઓ વરસાવી થયેલા આતંકી હુમલામાં ૨૬ જેટલા નિર્દોષ પ્રવાસીઓ મોતને ભેટતા દેશ ભરમાં શોક છવાયો છે ત્યારે આતંકી હુમલામાં જીવ ગુમાવનાર નિર્દોષ લોકોની આત્માને પરમાત્મા શાંતિ અર્પે અને ઘાયલો જલ્દી સ્વસ્થ થાય એવી પ્રાર્થના સાથે ૨૩મી એપ્રિલના રોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ



થરાદ શાખા અને એ.પી. ત્રિવેદી કોલેજ ખોરડાના સંયુક્ત ઉપક્રમે મીણબત્તી પ્રગટાવીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આ કાર્યક્રમ ગુજરાત પ્રદેશ કારોબારી સદસ્ય અને ભાગ સંયોજક રાજેશભાઈ જોષી(નાનોલ) ઉપસ્થિતિમાં યોજાયો હોઈ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ખોરડા કોલેજના પ્રિન્સિપાલ ભમરસિંહજી સોઢા અને કોલેજ પરિવાર, એબીવીપી થરાદ નગરમંત્રી વિશાલપુરી ગોસ્વામી, નગર સહમંત્રી બંકિમભાઈ દવે, નગર કોષાધ્યક્ષ અરવિંદભાઈ પુરોહિત સહિત કોલેજના વિદ્યાર્થી ભાઈ બહેનો ઉપસ્થિત રહી મીણબત્તી પ્રગટાવીને પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ પાઠવી હતી તેમજ આ કાર્યક્રમના ઇન્ચાર્જ તરીકે શ્રી રાજેશ્વર કોલેજ કેમ્પસના અધ્યક્ષ કિરણભાઈ દેસાઈ રહ્યા હતા.-અખંડ ભારત

# સાધલી બસ સ્ટેન્ડ નજીક ગેરકાયદેસર પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યાથી સ્થાનિકો પરેશાન



શબ્બીર રાઠોડ - શિનોર તાલુકાના સાધલી બસ સ્ટેન્ડમાં આડેધડ ગેરકાયદેસર પાર્કિંગ તથા શટલિયા વાહનોના અડીંગા અને દબાણોની સમસ્યાને પગલે વકરતી જતી ટ્રાફિકની સમસ્યાથી સ્થાનિકો ત્રાહીમામ્ પોકારી ઉઠ્યા હોઈ સ્થાનિક શિનોર પોલીસ દ્વારા આડેધડ પાર્કિંગ કરતા વાહન માલિકો અને ગેરકાયદેસર દબાણકારો સામે કાર્યવાહી કરી નગરના ટ્રાફિકની સમસ્યામાંથી છૂટકારો અપાવામાં આવે તેવી સ્થાનિકોની માંગ ઉઠી છે. -અખંડ ભારત

# વિરમગામ ખાતે હજયાત્રી પરિવારોને રસી અપાઈ




જતીન ચાવડા- વિરમગામ ગાંધી હોસ્પિટલ ખાતે ધારાસભ્ય હાર્દિક પટેલ દ્વારા જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આંતકવાદી હુમલામાં મૃત્યુ પામેલા પરિવારોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી અને વિરમગામથી હજ યાત્રાએ જઈ રહેલા ૧૦૦ થી વધુ મુસ્લિમ પરિવારો આ શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત રહ્યા હતા અને ધારાસભ્ય હાર્દિક પટેલ દ્વારા આતંકવાદી ઘટનાને વખોડી કાઢવામાં આવી હતી. હજ યાત્રાએ જઈ રહેલા યાત્રિકોને સરકાર તરફથી રસી આપવામાં આવી હતી.-અખંડ ભારત

# નરસિંહ મહેતા યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરપર્સન તરીકે વરણી કરાઈ

ધવલ શર્મા - દાયકાઓથી શિક્ષણ અને સંસ્કાર માટે પ્રખ્યાત એવી આર્ય કન્યા ગુરુકુળ ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડો. કેતકી પંડ્યા મેડમની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઈનચાર્જ કુલપતિ પ્રો. ડો. અતુલ બાપોદરા સાહેબ દ્વારા અંગ્રેજી વિભાગના બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરપર્સન તરીકે વરણી થઈ. ડો. કેતકી પંડ્યા મેડમે આર્ય કન્યા ગુરુકુળમાંથી જ પોતાનું પ્રાથમિક શિક્ષણ તેમજ ગુરુકુળ મહિલા કોલેજમાંથી સ્નાતકની ડિગ્રી મેળવેલી છે. આ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગરથી તેઓએ



અનુસ્નાતકની ડિગ્રી તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટથી તેઓએ પી.એચ.ડી. ની ડીગ્રી મેળવેલી. પોતાની કારકિર્દીની શરૂઆત તેઓએ ૧૯૮૮માં શારદાગ્રામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંગરોળથી કરેલી. છેલ્લા ૩૧ વર્ષોથી તેઓ ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના અંગ્રેજી વિભાગમાં પોતાની અનન્ય સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત તેઓએ ૧૧ જેટલા વર્ષો સુધી પોરબંદરની વી. આર. ગોઢાણીયા કોલેજના પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટરમાં વિઝિટિંગ લેક્ચરર તરીકેની ભૂમિકા પણ અદા કરેલી. તેઓએ ઘણા આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય પરીસંવાદોમાં ભાગ લીધેલો છે તેમજ શોધપત્રો પણ પ્રકાશિત કરેલા છે. આ ઉપરાંત તેઓનું એક પુસ્તક ‘ટેગોર્સ ચિત્રા એન્ડ ઓરોબિન્દોઝ સાવિત્રીઃ એ કમ્પેરેટિવ સ્ટડી‘ પણ પ્રકાશિત થઈ ચૂકેલું છે. હાલમાં જ તેઓ બાલી ઈન્ડોનેશિયા ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ભાગ લઈ ચૂક્યા છે. આમ શિક્ષણ જગતનો બહોળો અનુભવ ધરાવતા ડો. પંડ્યાની કાર્યદક્ષતા, અનુભવ તેમજ આવડતને લઈને યુનિવર્સિટી દ્વારા તેઓને આ મહામૂલું પદ આપવામાં આવ્યુ. યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્ટડીઝ એ યુનિવર્સિટીની મુખ્ય બોડીઝમાંની એક છે જેમાં સ્થાન મેળવવું એ ખુબ ગૌરવની વાત છે. યુનિવર્સિટીમાં સૌપ્રથમ વખત એક મહિલાને આ સ્થાન આપવામાં આવેલું છે ત્યારે સમગ્ર શિક્ષણ જગતમાં હર્ષની લાગણી પ્રસરી છે. ડો. પંડ્યા મેડમે આ બહુમૂલ્ય સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર ગુરુકુળ કોલેજ પરિવારને ગૌરવ અપાવ્યું છે.-અખંડ ભારત

# મુખ્યમંત્રીએ ચોઈલા ના બાળકોને ઓટોગ્રાફ આપ્યો



ત્રિલોક પંડ્યા - મોડાસા ખાતે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે પધારેલ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બાયડ તાલુકાના ચોઈલા ગામના લઘુમતી સમાજના ઈઝહાન મનસુરી, રિઝાન સાહિલ મનસુરીને ઓટોગ્રાફ આપતા બંન્ને બાળકોના ચહેરા ઉપર ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.-અખંડ ભારત

# ટેન્કર પાછળ કાર ઘૂસી જતાં સર્જાયો અકસ્માત,એકને ઈજા

દલાભાઈ તાભિયાર - લુણાવાડા -મોડાસા હાઈવે ઉપર ખાનપુરના દેગમડા નજીક ટેન્કર પાછળ કાર ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો.જે સર્જાયેલ અકસ્માતમાં કારના આગળના ભાગનો ખુરદો બોલાઈ ગયો હતો.જેના કારણે કારમાં સવાર એક ઈસમને લોહીયાળ ઈજાનો ભોગ બનતા



તાત્કાલિક સારવાર અર્થે ખસેડી બાકોર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.-અખંડ ભારત

# સેદ્રા સંસ્થા દ્વારા શાળામાં સ્કૂલ બેન્ચ ભેટ અપાઈ

વિરેશ પરમાર-કેઈર્ન ઓઈલ એન્ડ ગેસ વેદાંતા લિમિટેડ તથા સેદ્રા સંસ્થા દ્વારા એમ એલ આઈ પ્રોજેક્ટ અંતર્ગત માંડલ શ્રી વૈભવ લક્ષ્મી સ્કૂલમાં વિધ્યાર્થીઓને ક્લાસ રૂમમાં બેસવા માટે ૮૦ બેન્ચ ભેટ આપવામાં આવી છે.આ પ્રસંગે કેઈર્ન ઓઈલ એન્ડ ગેસ વેદાંતામાંથી આવેલ આલોક, સેદ્રા સંસ્થા એમ એલ આઈ પ્રોજેક્ટ મેનેજર દિલીપભાઈ તથા વૈભવ લક્ષ્મી સ્કૂલ શાળાના આચાર્ય દિનેશભાઈ અને અન્ય સ્કૂલ સ્ટાફ ગણ અને શાળાના ટ્રસ્ટી મહાદેવભાઇ – મહેશભાઇ ઉપસ્થિત રહી આ તબક્કે




પ્રેરણાદાયી અને સરાહનીય કામગીરી બદલ દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો

—અખંડ ભારત

# ચાણસોલ રાજપૂત સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો



ભરતભાઈ પ્રજાપતિ- દર વર્ષની જેમ ચાલુ સાલે ચાણસોલ રાજપૂત સમાજ આયોજિત નવમા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવતા સમાજના ૮ યુગલોએ એક સાથે પ્રભુતામાં પગલા માંડી ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરતા આ નવદંપતિ યુગલોને અંતરના ઉંડાણથી સુખી દાંપત્ય જીવનના સમાજ અગ્રણીઓ,દાતાઓ,રાજકીય આગેવાનો અને જ્ઞાતિબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા.-અખંડ ભારત

# દ્વારકા જગતમંદિરની સુરક્ષા વધારી દેવાઈ

આકાશ વિઠલાણી- પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને પગલે ગુજરાતમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે દ્વારકા જગત મંદિરમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે.આ ઉપરાંત ધાર્મિક દેવસ્થાનો જેવા કે સોમનાથ, અંબાજી, શામળાજી, ડાકોર મંદિરની



સુરક્ષામાં વધારો કરવા સાથે એરપોર્ટ અને રેલ્વે સ્ટેશનો ઉપર પણ ચાંપતી નજર રખાઈ રહી છે.-અખંડ ભારત

# રાજ્યની કૃષિ યુનિવર્સિટીના રિપોર્ટ મુજબ પાંચ આયામો સાથે પ્રાકૃતિક કૃષિ કરવામાં આવે તો પ્રથમ વર્ષથી જ પૂરું ઉત્પાદન મળે છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આજે ગ્લોબલ વૉર્મિંગ વિશ્વની સૌથી મોટી સમસ્યા બની છે. હાલ, વધતી જતી બીમારીઓ વચ્ચે શુદ્ધ ખોરાક, શુદ્ધ હવા અને ચોખ્ખું પાણી એ આપણી જરૂરિયાત બની છે, લોકોનું સ્વાસ્થ્ય અને પ્રકૃતિનું રક્ષણ કરવાનો એકમાત્ર ઉપાય છે પ્રાકૃતિક કૃષિ. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના આગ્રહથી રાજ્યના તમામ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની ગુરુકુળ કુરુક્ષેત્રના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી હતી. જેના પરિણામ સ્વરૂપે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન તેજીથી આગળ વધ્યું. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજ્યના તમામ મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારીઓની સીએમ ડેસબોર્ડના માધ્યમથી વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી.આ તકે જૈવિક ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી તદ્દન અલગ છે તેમ જણાવી રાજયપાલશ્રીએ કહ્યું કે, ઓર્ગેનિક ખેતીમાં ખર્ચ ઘટતો નથી, મહેનત ઓછી થતી નથી તથા ઉત્પાદન પણ વધતું નથી. જ્યારે, પ્રાકૃતિક કૃષિમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય છે અને સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન મળે છે. તાજેતરમાં ગુજરાતની ચાર કૃષિ વિશ્વવિદ્યાલય પૈકીની જુનાગઢ, આણંદ અને દાંતીવાડા કૃષિ વિશ્વવિદ્યાલયના રિપોર્ટમાં સાબિત થયું છે કે, જો પ્રાકૃતિક કૃષિ પાંચ આયામો સાથે કરવામાં આવે તો પ્રથમ વર્ષથી જ ઉત્પાદન રાસાયણિક ખેતી જેટલું જ આવે છે. રાસાયણિક ખેતીમાં ખર્ચ વધુ થાય છે, જ્યારે પ્રાકૃતિક કૃષિમાં નહીવત ખર્ચ થવાથી ખેડૂતોને વધુ લાભ થાય છે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિનો સમગ્ર દેશમાં વ્યાપ વધારવા માટે રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન શરૂ કર્યું છે. ત્યારે આપણા સૌની જવાબદારી બને છે કે, આપણે આ મિશન થકી વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તેવા પ્રયાસો કરીએ. જિલ્લા કક્ષાએ તમામ મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોને પ્રોત્સાહન મળે તે માટે તેમના માટે વધુમાં વધુ વેચાણ માર્કેટ ઊભા કરે તેવી અપીલ રાજ્યપાલશ્રીએ કરી હતી. રાજયપાલશ્રીએ માર્ગદર્શન આપતા કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા શરૂ કરાયેલા વીજળી બચાવો અભિયાન અંતર્ગત પણ આપણે સૌ સહિયારો પ્રયાસ કરી વીજળી બચાવવામાં યોગદાન આપીએ. વિજળી બચતની ટેવ થકી પર્યાવરણ પણ બચશે અને જરૂરિયાતમંદને પૂરતી વીજળી પણ મળી શકશે. સૂર્યોદયના થોડા સમય પહેલા સ્ટ્રીટ લાઈટ બંધ કરી દઈએ અને સૂર્યોદયના થોડા સમય બાદ સ્ટ્રેટ લાઈટ શરૂ કરીને, દિવસની એક કલાક પણ વીજળી બચાવીએ તો કરોડો રૂપિયાની બચત કરી શકીએ.

## -:: જન્મની નોંધ બાબતે જાહેરનામું ::-

**મે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, નસવાડી**

જન્મ/મરણ નોંધણી કેસ નંબર :-૧૬૮૬થી૧૬૮૮/૨૦૨૫
અરજદારઃ પત્રક મુજબના અરજદારશ્રીઓ.
વિરુધ્ધ સામાવાળાઃ હરિપુરા-વ ગ્રામ પંચાયત

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે આપેલ પત્રક માં કોલમ-૩ મુજબના અરજદારશ્રી એ કોલમ નં.૨ તથા દર્શાવેલ તારીખની અરજીથી પત્રકમાં કોલમ નં-૫ મુજબના સંબંધિઓ માટે તેમના જન્મની તારીખ /વર્ષ કોલમ નં-૭ મુજબ કોલમ નં-૪ મુજબના ગામે, તા.નસવાડી જિ.છોટાઉદેપુર ખાતે થયેલ હતું અને તે બાબતની નોંધણી જે તે વખતે શરતચુકથી રહી ગયેલ હોય તે સામાવાળાના દફતરે કરાવવા વાસ્તે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. સદરહુ અરજી સામે કોઈ વાંધા યા તકરાર હોય તો તેઓએ તેમની આ જાહેરનામાં પ્રસિધ્ધીની તારીખથી દિન- ૩૦માં અત્રેની અદાલતમાં કામકાજના દિવસોએ સવારે ૧૨.૦૦ કલાકે જાતે અગર વકીલશ્રી મારફતે હાજર થઈ લેખિતમાં વાંધા રજુ કરવા જોગ કસૂર થશે ને કોઈના વાંધા આવશે નહિ તો અરજદારનો પુરાવો ધ્યાને લઈ નામદાર કોર્ટ અરજી અંગે આગળની કાર્યવાહી હાથ ધરશે.

**જન્મ પત્રક**

હરિપુરા-વ ગ્રામ પંચાયત

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| અ.નં. | અરજીની તારીખ | અરજદારશ્રીનું નામ | ગામનું નામ | જન્મ થનારનું નામ | અરજદારશ્રી સાથે સબંધ | જન્મ તારીખ/ વર્ષ |
| ૧ | ૧૬-૧૧-૨૦૨૪ | નાયકા અરવિંદ જયંતિભાઈ | કડીકુવા | નાયકા તેજલ અરવિંદભાઈ | પુત્રી | ૨૫-૦૫-૨૦૧૭ |
| ૨ | ૧૬-૧૧-૨૦૨૪ | ભીલ રૂપાબેન કાન્તીભાઈ | બોતિયાકુવા | ભીલ ઈશ્વરભાઈ કાન્તીભાઈ | પુત્ર | ૦૧-૦૬-૧૯૮૨ |
| ૩ | ૧૬-૧૧-૨૦૨૪ | રાઠવા વાસુદેવભાઈ રમેશભાઈ | હરિપુરા-વ | રાઠવા નરેન્દ્રભાઈ વાસુદેવભાઈ | પુત્ર | ૨૦-૦૭-૧૯૮૭ |

આજ રોજ તારીખ ..........માહે એપ્રિલ સને.૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીઆપ્યો

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
નસવાડી

# અમદાવાદના યુવકે ફિલ્મ ડિરેક્ટર તરીકે ઓળખ આપી યુવતીનું બે વર્ષ શોષણ કર્યું, ૨૦ લાખ પડાવ્યાં

રાજકોટમાં રહેતી ૩૦ વર્ષની યુવતીએ અમદાવાદમાં વાસણા બસ સ્ટેશન પાસે ગીતા એપાર્ટમેન્ટમાં રહેતા કૃણાલ મયંકભાઈ મચ્છર ઉર્ફે દુષ્યંતભાઈ ઝવેરી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, ઓગષ્ટ-૨૦૨૨ માં મુંબઈ ખાતે એક બોલિવૂડ પાર્ટીમાં કૃણાલે પોતાની ઓળખ ફિલ્મ ડિરેક્ટર અને પ્રોડયુસર તરીકે આપી હતી. આ પછી બંને વચ્ચે મિત્રતા થઈ હતી. કૃણાલ પત્ની સાથે છૂટાછેડા




લેવાની વાતો કરી યુવતીને આર્થિક મદદ કરવાની વાત કરતો હતો.

ફેબ્રુઆરી-૨૦૨૩ માં યુવતી વાસણાના એક ફ્લેટમાં રહેવા આવી હતી અને બંને સાથે રહેતા હતા અને સંબંધો બંધાયા હતા. પત્નીને છૂટાછેડા આપવા પાંચ લાખ રૂપિયાની જરૂર હોવાની વાત કૃણાલે કરતાં યુવતીએ પોતાના મિત્ર પાસેથી પૈસા લઈને આપ્યા હતા. પત્નીને પોતે કાઢશે તેવી વાત કરી યુવતીને પરત રાજકોટ મોકલી હતી. આ પછી કૃણાલે સંપર્ક ઓછો કરી દીધો હતો. બાદમાં કૃણાલે અંગત પળોના વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી પૈસા માગવાનું શરૂ કર્યું હતું. કૃણાલે કુલ ૨૦ લાખ રૂપિયાથી વધુ રકમ મેળવી લીધી હતી.

# તલોદમાં ગટરમાં ખાબકેલ ગાયનું રેસક્યું કરાયું





તલોદ-હરસોલ હાઈવે ઉપર આવેલ એક રેસિડેન્સીયલ સોસાયટી નજીક ખુલ્લી ગટરમાં રાત્રી દરમ્યાન એક ગાય ખાબકી હોવાની જાણ જીવદયા પ્રેમીઓ અને ગૌ સેવા ટીમને થતાં ટીમના કાર્યકરો સવારે ક્રેનની મદદથી રસ્સી વડે બાંધી ગાય માતાનું રેસક્યું કરી સહી સલામત બહાર કાઢી ઈજાનો ભોગ બનેલ ગાયને તબિબિ સારવાર અપાતા આ ટીમની પ્રસંશનીય કામગીરીને જીવદયા પ્રેમીઓ બિરદાવી હતી.-અખંડ ભારત

# વણઝર યુવા સંગઠન દ્વારા પાણીના કુંડાનું વિતરણ



જૈમિન ચૌહાણ -ઉનાળાની કાળઝાળ ગરમીના માહોલમાં મનુષ્યો સહિત પશુ-પક્ષી અને પ્રાણીઓની દયનીય હાલત થઈ છે.ત્યારે વણઝર યુવા સંગઠન દ્વારા અબોલ પશુ,પંખી,પ્રાણીઓની સેવા માટે આગળ આવ્યું છે.આ ટીમ દ્વારા પક્ષીઓને પીવાના પાણીના કુંડાનું ઘેર ઘેર વિતરણ કરી પક્ષીઓની સૌથી વધુ અવર જવર ધરાવતા વિસ્તારો,વૃક્ષો જેવા સ્થળો ઉપર કુંડા મુકી તેમાં પાણી ભરી પક્ષીઓની તરસ છીપાવાનું પ્રેરણાદાયી કામગીરી કરતા આ સંગઠનની કામગીરીને જીવદયાપ્રેમીઓ બિરદાવી પ્રસંશાને પાત્ર લેખાવી હતી.-અખંડ ભારત

# વૈશ્વિક માર્ગો પર ભારતીય વાહનોની બોલબાલા, ગત નાણાં વર્ષે રેકોર્ડ નિકાસ

અમદાવાદ : ભારતના ઓટોમોબાઈલ ક્ષેત્રે વૈશ્વિક બજારોમાં ફરી વેગ પકડયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, દેશની કુલ વાહન નિકાસ ૧૯% મજબૂત ઉછળીને ૫૩ લાખ એકમોને પાર કરી ગઈ. સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિયામ) દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા અનુસાર, છેલ્લા નાણાકીય વર્ષમાં કુલ ૫૩.૬૩ લાખ (૫૩,૬૩,૦૮૯) વાહનોની નિકાસ કરવામાં આવી હતી, જે ૨૦૨૩-૨૪માં ૪૫ લાખ (૪૫,૦૦,૪૯૪) એકમોની સરખામણીમાં નોંધપાત્ર વધારો છે.સિયામે કહ્યું હતું કે ભારતમાં ઉત્પાદિત વાહનોના વૈશ્વિક



મોડલની ગુણવત્તા અને પ્રદર્શનને કારણે આંતરરાષ્ટ્રીય બજારોમાં તેમની માંગ ઝડપથી વધી છે. એટલું જ નહીં, ઘણી ભારતીય કંપનીઓએ હવે વિકસિત દેશોમાં પણ વાહનોની નિકાસ કરવાનું શરૂ કરી દીધું છે.પેસેન્જર વ્હિકલની નિકાસ ૨૦૨૩-૨૪માં ૬,૭૨,૧૦૫ યુનિટથી ૨૦૨૪-૨૫માં ૧૫% વધીને ૭,૭૦,૩૬૪ યુનિટ રહી હતી. યુટિલિટી વ્હિકલનો હિસ્સો પણ નોંધપાત્ર રીતે વધ્યો હતો અને ૩,૬૨,૧૬૦ એકમોની નિકાસ કરવામાં આવી હતી, જે ગયા વર્ષના ૨,૩૪,૭૨૦ એકમો કરતાં ૫૪% વધુ છે.ટુ-વ્હીલરની નિકાસમાં ૨૧%નો વધારો થયો છે. ૪૧,૯૮,૪૦૩ એકમોની નિકાસ કરવામાં આવી હતી, જ્યારે ગયા વર્ષે ૩૪,૫૮,૪૧૬ એકમોની નિકાસ કરવામાં આવી હતી. આફ્રિકામાં આર્થિક સ્થિરતા અને લેટિન અમેરિકામાં મજબૂત માંગ આ વૃદ્ધિને ટેકો આપે છે. નવા મોડલ અને નવા બજારોની શોધથી પણ નિકાસમાં વધારો થયો છે.કોમર્શિયલ વાહનોની નિકાસમાં ૨૩%ની મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. ગત નાણાકીય વર્ષમાં ૮૦,૯૮૬ યુનિટની વિદેશમાં નિકાસ કરવામાં આવી હતી, જ્યારે અગાઉના વર્ષમાં આ આંકડો ૬૫,૮૧૮ યુનિટ હતો.

# પહલગામ આતંકી હુમલોઃ જમ્મુ-કાશ્મીર સરકારે મૃતકોના પરિજનોને રૂ. ૧૦-૧૦ લાખની સહાય જાહેર કરી

જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે (૨૨ એપ્રિલ) મોટો આતંકવાદી હુમલો થયો હતો. જેમાં ૨૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. આ દરમિયાન જમ્મુ-કાશ્મીર સરકારે પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા તથા ગંભીર રીતે ઈજાગ્રસ્તોને ૨-૨ લાખ રૂપિયા તેમજ સામાન્ય ઘાયલોને ૧-૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનું એલાન કર્યું છે.

નિર્દોષ નાગરિકો સાથે ક્રૂરતાના આ બર્બર અને મૂર્ખતાપૂર્ણ કૃત્ય માટે આપણા



સમાજમાં કોઈ સ્થાન નથી. અમે તેની કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ. અમે ગુમાવેલા અનમોલ જીવન માટે શોક વ્યક્ત કરીએ છીએ.મુખ્યમંત્રીએ કહ્યું કે કોઈપણ વળતર પ્રિયજનોના નુકસાનની ભરપાઈ ન કરી શકે, પરંતુ સમર્થન અને એકજુટતાના પ્રતીકના રૂપમાં, જમ્મુ-કાશ્મીર સરકાર મૃતકોના પરિવાર માટે ૧૦-૧૦ રૂપિયાના વળતરની જાહેરાત કરીએ છીએ. મુખ્યમંત્રીએ ગંભીર રૂપથી ઈજાગ્રસ્તો માટે ૨ લાખ રૂપિયા અને સામાન્ય ઘાયલોને ૧ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરીએ છીએ. ઉમર અબ્દુલાએ કહ્યું કે મૃતકોના પાર્થિવ શરીરને સન્માનજનક રીતે તેમના ઘર સુધી પહોંચાડવા માટે તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ મેડિકલ સુવિધા પુરી પાડવામાં આવી રહી છે અમારી સંવેદનાઓ આઘાતમાં ડૂબેલા પરિવારો સાથે છે. આ દુખની ઘડીમાં તમારી સાથે ઉભા છીએ.

## જમ્મુ કાશ્મીરના તંગમર્ગમાં સેના અને આતંકીઓ વચ્ચે ભયંકર અથડામણ, બારામૂલામાં બે ઘૂસણખોર ઠાર

કુલગામના તંગમર્ગમાં આજે (૨૩ એપ્રિલ) સાંજે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. બંને તરફથી સામસામે ભયાનક ગોળીબાર થઈ રહ્યો છે. હાલ એવી પણ માહિતી મળી છે કે, ફાયરિંગ બંધ થઈ ગયું છે. અધિકારીઓએ કહ્યું કે, કુલગામ જિલ્લાના તંગમર્ગ વિસ્તારમાં આતંકવાદીઓ હોવાની સૂચના મળ્યા બાદ સુરક્ષા દળોએ તપાસ અભિયાન શરૂ કર્યું હતું. આ દરમિયાન આતંકીઓએ સુરક્ષા કર્મચારીઓ પર આડેધડ ગોળીબાર કર્યો હતો. ફાયરિંગમાં કોઈ પણ મોટી જાનહાની થઈ હોવાના અહેવાલો સામે આવ્યા નથી.

સવારે પણ સેનાએ બારામુલામાં મોટું અભિયાન પાર પાડ્યું હતું. સેનાએ LoC પાસે આતંકવાદીઓના ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો અને બે આતંકવાદીને ઠાર કર્યા હતા. અહીં પણ સેના દ્વારા મોટાપાયે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સેનાના અધિકારીઓએ કહ્યું કે, સુરક્ષા દળોએ બે-ત્રણ આતંકવાદીઓને ઘૂસણખોરી કરતા જોયા હતા. સુરક્ષાદળોએ આતંકવાદીઓ પાસે બે રાઈફલ સહિત મોટી માત્રામાં હથિયાર અને સામાન જપ્ત કર્યો છે.

આ પહેલા આતંકવાદીઓએ પહલગામમાં કારતાની હદ વટાવી પ્રવાસીઓ પર આડેધડ ગોળીબાર કરી ૨૬ લોકોની હત્યા કરી હતી. સેનાની વેશમાં આવેલા આતંકીઓ બાયસરન ખીણમાં આવી પ્રવાસીઓને પહેલા ધર્મ પૂછ્યો, આઈડી જોયું અને પછી હિન્દુ છો, કહીને ગોળીબાર કરી દીધો. ૨૬ મૃતકોમાં મોટાભાગના પ્રવાસીઓ છે, જ્યારે બે વિદેશી અને બે સ્થાનીક નાગરિકો સામેલ છે. આ ઘટના બાદ દેશભરમાં રોષ ભભુક્યો છે અને તમામ લોકો આતંકીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

# ધોરણ ૧થી ૫માં ૨૧ હજારથી વધુ જગ્યાઓ ખાલી, ટેટ-૧ના ઉમેદવારોની શિક્ષણમંત્રીને રજૂઆત

રાજ્ય સરકારે વિદ્યા સહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત ધોરણ ૧થી ૫માં ૫ હજાર જગ્યાઓ ભરવાનો નિર્ણય લીધો છે. આ ભરતીમાં ૨૦૧૧થી ૨૦૨૩ સુધીના તમામ ટેટ-૧ પાસ ઉમેદવારો અરજી કરી શકશે.ટેટ-૧ પાસ ઉમેદવારોએ શિક્ષણ મંત્રી અને શિક્ષણ સચિવને રજૂઆત કરી છે. તેમના જણાવ્યા મુજબ, ૩૧ જુલાઈ ૨૦૨૪ની સ્થિતિએ ધોરણ ૧થી ૫માં ૧૬,૧૮૧ જગ્યાઓ ખાલી છે. ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં ૧,૭૯૯ શિક્ષકો નિવૃત્ત થશે. ૩૧ મે ૨૦૨૫ સુધીમાં વધુ ૩,૩૭૪ શિક્ષકો નિવૃત્ત થવાના છે. ઉમેદવારોનું કહેવું છે કે



૨૦૧૧થી ૨૦૨૪ સુધી PTC ટેટ-૧ પાસ ઉમેદવારોની ભરતી ઓછી થઈ છે. તેમણે પ્રાથમિક શિક્ષણના પાયાને મજબૂત કરવા માટે ભરતી સંખ્યામાં વધારો કરવાની માંગ કરી છે.

કચ્છ જિલ્લાની ભરતી પ્રક્રિયા મે મહિનાના અંત સુધીમાં પૂર્ણ કરવાની પણ માંગ કરવામાં આવી છે. સરકારે ધોરણ ૯થી ૧૨માં ૩,૧૮૭ જગ્યાઓની ભરતી કરી છે. તેવી જ રીતે ધોરણ ૧થી ૫માં કુલ ૨૧,૩૫૪ જગ્યાઓ ખાલી છે. ઉમેદવારોએ વર્તમાન ૫ હજાર જગ્યાઓ ઉપરાંત વધુ ૩થી ૪ હજાર જગ્યાઓનો વધારો કરવાની માંગ કરી છે.

## હેમચંદ્રાચાર્ય યુનિ.ના કુલપતિ-રજિસ્ટ્રારે કોપી કેસ રોકવા માટે આપ્યા સૂચનો

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓના પગલે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.સી. પોરિયા અને રજિસ્ટ્રાર ડૉ. રોહિત દેસાઈએ વિવિધ પરીક્ષા કેન્દ્રોની અચાનક મુલાકાત લીધી હતી.

કુલપતિ અને રજિસ્ટ્રારે સૌ પ્રથમ મહર્ષિ દયાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બાસ્પા ખાતે પહોંચી પરીક્ષા કેન્દ્રની સ્થળ તપાસ કરી હતી. તેમણે પરીક્ષાખંડોમાં જઈને વિદ્યાર્થીઓની પ્રાથમિક તપાસ કરી હતી. આ સાથે કેમ્પસમાં આવેલી વિવિધ કોલેજના પ્રિન્સિપાલ, સિનિયર સુપરવાઈઝર અને મેનેજમેન્ટના સભ્યો સાથે પરીક્ષા અંગે મહત્વની ચર્ચા કરી હતી.

ત્યારબાદ તેઓએ જેઠીબા કે પટેલ એન્ડ બી.એ.પટેલ તથા ડી.બી.વ્યાસ કોમર્સ કોલેજ, ચાણસ્માની મુલાકાત લીધી હતી. અહીં પણ તેમણે પરીક્ષાખંડોની કામગીરીનું નિરીક્ષણ કર્યું અને સ્ટાફ સાથે મુલાકાત કરી હતી. કુલપતિએ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા યોજાય અને વિદ્યાર્થીઓ દ્વારા થતી કોઈપણ પ્રકારની ગેરરીતિ અટકાવવા માટે મહત્વના સૂચનો કર્યા હતા.

### "ઈસ્લામ અને કાશ્મીરિયતના દુશ્મન"

# પહેલગામ આતંકી હુમલા બાદ શ્રીનગરની મસ્જિદોમાં લાઉડસ્પીકરથી એલાન

દક્ષિણ કાશ્મીરથી લઈને ઉત્તર કાશ્મીરમાં નિયંત્રણ રેખાને અડીને આવેલા નૌગામ (કુપવાડા) સુધી મંગળવારે સાંજે સ્થાનિક લોકો દ્વારા પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરતા કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી.શ્રીનગરની મસ્જિદોમાં બૈસારન હુમલાની નિંદાનું એલાન થયું અને કહ્યું કે, હુમલાખોરો ઈસ્લામ અને કાશ્મીરિયતના દુશ્મન છે. બૈસારન હુમલા બાદથી સમગ્ર ઘાટીના લોકોમાં રોષ ભભૂકી ઉઠયો છે.પહેલગામના સ્થાનિક લોકોએ પીડિતો સાથે એકજૂટતા વ્યક્ત કરવા માટે સાંજે કેન્ડલ માર્ચ કાઢી હતી. યુવાનો, દુકાનદારો અને હોટલ માલિકોએ તેમાં ભાગ લીધો હતો. આ લોકો 'અમે શાંતિ માટે ઉભા છીએ' અને 'પ્રવાસીઓ અમારા મહેમાનો છે' લખેલા પોસ્ટર લઈને માર્ચમાં સામેલ થયા હતા. પુલવામા, બડગામ, શોપિયાં, શ્રીનગર ઉપરાંત સ્થાનિક લોકોએ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા, બાંદીપોરા અને કુપવાડામાં પણ કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.મંગળવારે સાંજે ઈશાની નમાજ સમયે ઘાટીની લગભગ દરેક મસ્જિદના લાઉડસ્પીકર પર બૈસારન હુમલાની નિંદાનું એલાન થયું હતું. આ દરમિયાન લોકોને કાશ્મીરીયત અને ઈસ્લામના દુશ્મનોના આ નાપાક કૃત્ય સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કરવા માટે બૈસારનના શહીદો અને તેમના પરિવારો પ્રત્યે પોતાની સહાનુભૂતિ વ્યક્ત કરવા માટે બુધવારના કાશ્મીર બંધને સફળ બનાવવાનું કહેવામાં આવ્યું હતું.

## "પહેલગામ એટેકઃ આતંકવાદીઓની માહિતી આપનારને કાશ્મીર પોલીસ આપશે ૨૦ લાખ રૂપિયા ઈનામ"

"કાશ્મીરમાં અનંતનાગ પોલીસે પહેલગામ આતંકવાદી હુમલામાં સંડોવાયેલા આતંકવાદીઓને લગતી સાચી માહિતી શેર કરનાર કોઈપણ વ્યક્તિને ૨૦ લાખ રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત કરી છે."

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ જમ્મુ-કાશ્મીર પોલીસે આતંકવાદીઓને પકડવા માટે ૨૦ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે. આ હુમલામાં ૨૮ લોકો માર્યા ગયા હતા અને ૨૦ લોકો ઘાયલ થયા હતા. આ હુમલા બાદ સરકાર હરકતમાં આવી ગઈ છે. પીએમ મોદીએ સીસીએસની એક મોટી બેઠક યોજી. આમાં સુરક્ષા અંગે વાત કરવામાં આવી હતી અને આગળ શું કરવું તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં તણાવ વધી ગયો છે. બારામુલ્લામાં નિયંત્રણ રેખા પર સેનાએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો અને બે આતંકવાદીઓને ઠાર માર્યા. કુલગામમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર પણ થયું.

જમ્મુ કાશ્મીર પોલીસનું કહેવું છે કે ગુનેગારો વિશે સાચી માહિતી આપનાર કોઈપણ વ્યક્તિને સજા કરવામાં આવશે. તેને ૨૦ લાખ રૂપિયાનું ઈનામ મળશે. પોલીસે લોકોને કોઈપણ ડર વગર આગળ આવવા અને માહિતી આપવા અપીલ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે ગુનેગારો વિશે માહિતી આપનારને ૨૦ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. આનો અર્થ એ થયો કે પોલીસ ગુનેગારોને પકડવા માટે શક્ય તમામ પ્રયાસો કરી રહી છે.

આ હુમલા બાદ સરકાર હરકતમાં આવી ગઈ છે. બુધવારે પીએમ મોદીએ એક મોટી બેઠક યોજી હતી. આ બેઠકમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, વિદેશ પ્રધાન એસ જયશંકર અને ગૃહ પ્રધાન અમિત શાહ પણ હાજર રહ્યા હતા. બેઠકમાં જમ્મુ-કાશ્મીરની સુરક્ષા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આગળ શું પગલાં લેવા તે અંગે પણ ચર્ચા થઈ.

પહેલગામ હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં તણાવ વધી ગયો છે. બુધવારે, ભારતીય સેનાએ બારામુલા જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. સેનાએ બે આતંકવાદીઓને ઠાર માર્યા.






















**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697